વચનામૃત

વચનામૃતમાં બુદ્ધિતત્ત્વનું નિરૂપણ





શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ
અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી, ભગવાન શ્રી સ્વામિનારાયણ



સ્વામિનારાયણ અક્ષરધામ, નવી દિલ્હી

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા

પવિત્ર નૈતિક જીવન માટે કટિબદ્ધ આ સંસ્થા એક વિશ્વવ્યાપી આધ્યાત્મિક સમાજ છે, એક શાંતિચાહક સમાજ છે. જીવનનો સાચો મર્મ સમજાવતી, શાશ્વત શાંતિ તરફ લઈ જતી આ ધર્મસંસ્થાનું લક્ષ્ય છે – માનવમાત્રનો ઉત્કર્ષ.

ભગવાન સ્વામિનારાયણ (સન ૧૭૮૧-૧૮૩૦) પ્રબોધિત વૈદિક આદર્શોને કેન્દ્રમાં રાખી બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજે સન ૧૯૦૭માં આ સંસ્થાની સ્થાપના કરી હતી. સંસ્થાનાં ૨૦,૦૦૦થી વધુ સત્સંગ સભાકેન્દ્રો(બાળ-યુવા-મહિલા-સંયુક્ત સભાકેન્દ્રો વગેરે)નો વિશ્વવ્યાપી આધ્યાત્મિક પરિવાર માનવ-ઉત્કર્ષની ગંગા વહાવે છે.

સંસ્થાના ૧,૦૦૦ સુશિક્ષિત સંતો તથા ૫૫,૦૦૦ યુવાનોનું વિરાટ સ્વયંસેવક દળ આધ્યાત્મિક અભિયાન ઉપરાંત અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓનું વહન કરે છે. ચાહે તે રાહત કાર્યો હોય કે શૈક્ષણિક અભિયાન હોય; ભૂકંપગ્રસ્ત ગામોનું પુનર્નિર્માણ હોય, વસ્ત્ર-વિતરણ કે જળસંચય અભિયાન હોય. શિક્ષણ સેવાઓમાં ગામડાંઓની પ્રાથમિક શાળાઓથી માંડી ઇંગ્લેન્ડમાં ભવ્ય વિદ્યાર્થી સંકુલ સુધી અનેક શૈક્ષણિક સોપાન સર કર્યાં છે. રોગનિદાન યજ્ઞો, વિક્રમસર્જક રક્તદાન યજ્ઞોથી માંડી હોસ્પિટલ સેવામાં સંસ્થાએ તબીબી સેવાઓ વિસ્તારી છે. વ્યસનમુક્તિથી લઈને એઈડ્સ અને પર્યાવરણ જેવી સમસ્યાઓના હલ માટે આંતરરાષ્ટ્રીય સ્તરે જાગૃતિનો શંખ ફૂંકતી આ સંસ્થા, યુનો(UNO) દ્વારા માન્ય થયેલી સામાજિક સેવાસંસ્થા છે.

લંડન (યુ.કે.), શિકાગો, હ્યુસ્ટન, એટલાન્ટા, લોસ એન્જલસ, રોબિન્સવીલ (યુ.એસ.એ.), ટોરન્ટો (કેનેડા), નૈરોબી (ઇસ્ટ આફ્રિકા), ઓકલેન્ડ (ન્યૂઝીલેન્ડ), સિડની (ઓસ્ટ્રેલિયા) વગેરે સહિત અનેક દેશોમાં અજાયબી સમાં મંદિરો રચીને સંસ્કાર-પ્રવૃત્તિ અને માનવસેવાની વિશિષ્ટ જ્યોત જગાવી છે.

ગાંધીનગર તથા નવી દિલ્હીમાં અભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય સાંસ્કૃતિક સંકુલ – અક્ષરધામનું નિર્માણ કરી સંસ્થાએ યુગસિદ્ધિ હાંસલ કરી છે.

વિશ્વવંદનીય પ્રમુખસ્વામી મહારાજની નિશ્રામાં વિકસિત થયેલી અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના નેતૃત્વ તળે સનાતન સંસ્કૃતિને જનમાનસમાં પોષતી આ સંસ્થાએ, વિશ્વવ્યાપી સ્તરે લોકહૃદયમાં નિરાળું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી ગ્રંથમાળા
વચનામૃત દ્વિશતાબ્દી ગ્રંથમાળા

વચનામૃતમાં બુદ્ધિતત્ત્વનું નિરૂપણ

લેખક
સાધુ ચિન્મયદાસ

પ્રકાશક
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

VACHANAMRUTMA BUDDHITATVANU NIRUPAN
(Gujarati Edition)

By Sadhu Chinmaydas

Inspired by: HH Mahant Swami Maharaj

Presented by:
B.A.P.S. SWAMINARAYAN SANSTHA
Shahibaug, Amdavad – 380 004. India.

Publishers:
SWAMINARAYAN AKSHARPITH
Shahibaug, Amdavad – 380 004. India.

1st Edition:
March 2020. Copies: 7,000

ISBN: 978-81-7526-957-6

રજૂકર્તા : બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

પ્રથમ આવૃત્તિ : માર્ચ ૨૦૨૦

પ્રત : ૭,૦૦૦

કિંમત : રૂા. ૧૬-૦૦ (સ્વામિનારાયણ અક્ષરપીઠના સૌજન્યથી
મૂળ કિંમત **રૂા. ૨૦-૦૦**માંથી ઘટાડેલી કિંમત)

મુદ્રક અને પ્રકાશક :
સ્વામિનારાયણ અક્ષરપીઠ
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪.

પ્રકાશકીય

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને એક વિરાટ અને શાશ્વત કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું. એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો. નિત્ય અહોરાત્ર ગુંજતાં એમનાં જ્ઞાનસત્રોમાં મોટે ભાગે માધ્યમ હતું – પ્રશ્નોત્તરીનું. ક્યારેક સંતો-ભક્તો આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા માટે મુમુક્ષુમાત્ર માટે ઉપયોગી એવા અદ્‌ભુત અને વ્યવહારુ પ્રશ્નો પૂછે અને ભગવાન સ્વામિનારાયણ તેનો ઉત્તર આપે. ક્યારેક ભગવાન સ્વયં પ્રશ્નો પૂછે અને સ્વયં ઉત્તર આપે. ક્યારેક પ્રશ્ન વગર પણ કૃપાવચન વરસાવે. ભગવાન સ્વામિનારાયણની એ પરાવાણીમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ વગેરે તમામ શાસ્ત્રોનો અનુભવપૂર્ણ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકતો હતો.

એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો. નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને નીરખીને પ્રમાણિત પણ કર્યો.

આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક જગતના ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે. તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ અને અદ્‌ભુત અનુભવપૂર્ણ માર્ગદર્શન છે. આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા આ વચનામૃત ગ્રંથના દ્વિશતાબ્દી પર્વે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી વચનામૃત વિષયક વિવિધ પ્રકાશનોની શ્રેણી પ્રકાશિત કરવામાં આવી

રહી છે. વિદ્વાન સંતો અને ભક્તોએ તૈયાર કરેલી આ પ્રત્યેક પુસ્તિકાના સર્જન પાછળ ઊંડું અધ્યયન અને ચિંતન છે.

વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણે બુદ્ધિનું અનોખું નિરૂપણ કર્યું છે. તેમના મતે કુશાગ્રબુદ્ધિવાળો તે જ છે કે જે પોતાના કલ્યાણનું જતન કરે. આવી શિખરસમી વાતથી લઈને બુદ્ધિના વિવિધ પાસાંઓને તેમણે વચનામૃતમાં સહજતાથી ઉદ્‌બોધ્યાં છે. સતત ભ્રમિત કરનારી આપણી બુદ્ધિને, સ્થિર અને શુદ્ધ રાખવા માટે વચનામૃતનો આ બોધ ખૂબ ઉપયોગી છે.

પ્રસ્તુત પુસ્તિકા શ્રીહરિએ પ્રબોધેલ બુદ્ધિનાં વિવિધ પાસાંઓને લઈને આપની સમક્ષ આવે છે. ખૂબ જહેમતપૂર્વક આ પુસ્તિકા લખવા બદલ સ્વામિનારાયણ અક્ષરપીઠ આ પુસ્તિકાના લેખક પૂજ્ય ચિન્મયદાસ સ્વામીનો હાર્દિક આભાર માને છે.

આશા છે, આપ સૌને અને વચનામૃતને સમજવા ઇચ્છતા મુમુક્ષુઓ માટે આ પુસ્તિકા અત્યંત ઉપયોગી નીવડશે.

– સ્વામિનારાયણ અક્ષરપીઠ,

વચનામૃત દ્વિશતાબ્દી મહોત્સવ, પુષ્પદોલોત્સવ, વિ.સં. ૨૦૭૬

ક્રમિકા

શબ્દ સંક્ષેપ સૂચિ

વચ.	-	વચનામૃત
ગ.પ્ર.	-	ગઢડા પ્રથમ પ્રકરણ
સા.	-	સારંગપુર પ્રકરણ
કા.	-	કારિયાણી પ્રકરણ
લો.	-	લોયા પ્રકરણ
પં.	-	પંચાળા પ્રકરણ
ગ.મ.	-	ગઢડા મધ્ય પ્રકરણ
વર.	-	વરતાલ પ્રકરણ
અમ.	-	અમદાવાદ પ્રકરણ
ગ.અં.	-	ગઢડા અંત્ય પ્રકરણ
[illegible].વા.	-	મૂળ અક્ષરમૂર્તિ સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામીની વાતો

પૂર્વભૂમિકા

વચનામૃત એ ભગવાન સ્વામિનારાયણની પરાવાણીનો એક એવો મહાગ્રંથ છે કે જે તેમની હયાતીમાં જ તેમના અનન્ય દીક્ષિત સંતો ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી અને શુકાનંદ સ્વામીએ સંપાદિત કર્યો છે. 'વચનામૃત' ભગવાન સ્વામિનારાયણનું સ્વરૂપ છે! વચનામૃતમાં આધ્યાત્મિક માર્ગમાં સાધકોને મૂંઝવતા પ્રશ્નોનું સચોટ-સુગમ નિરાકરણ નિરૂપાયેલું છે. સંતો અને ભક્તો સાથેની પ્રશ્નોત્તરીમાં સ્વયં ભગવાને અધ્યાત્મ-વાર્તાઓની સરવાણી વહાવી છે.

'વચનામૃત' આ લોકમાં અને પરલોકમાં સુખી થવાનો, દીવાદાંડી સમાન, ગુજરાતી ભાષાનો પ્રથમ ગદ્ય ગ્રંથ છે.

ભગવાન સ્વામિનારાયણે વેદો, ઉપનિષદો, સાંખ્યશાસ્ત્ર, યોગશાસ્ત્ર, પંચરાત્ર, મહાભારત, રામાયણ, ભગવદ્‌ગીતા અને શ્રીમદ્‌ભાગવત જેવાં અનેક શાસ્ત્રોનાં પ્રમાણો સહિત, પોતાના અનુભવથી વાણી-પ્રવાહ રેલાવ્યો છે. આ વાતનું સમર્થન કરતાં કેટલાંક વચનામૃતના શ્રીમુખનાં અવતરણો જોઈએ :

- ''જેટલા કલ્યાણને અર્થે વ્યાસજીએ ગ્રંથ કર્યા છે તે સર્વે સૂરત રાખીને અમે સાંભળ્યા.''[૧]
- ''આ વાર્તા જે અમે કરી છે તે કેવી છે? તો વેદ, શાસ્ત્ર, પુરાણ આદિક જે જે કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે શબ્દમાત્ર છે, તે સર્વેનું અમે શ્રવણ કરીને તેનું સાર કાઢીને આ વાર્તા કરી છે. તે પરમ

૧. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૧.

રહસ્ય છે ને સારનું પણ સાર છે.''[૨]

- ''આ વાતને અમે કરીએ છીએ તે કાંઈ બુદ્ધિની કલ્પનાએ નથી કરતા... આ તો અમારી અજમાવેલ વાત છે ને જેમ અમે વર્તીએ છીએ તેમ વાત કરીએ છીએ.''[૩]
- ''આ જે વાત છે તે મારી દીઠેલ છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે... આ જે અમે તમને વાત કહી તે સર્વે શાસ્ત્રનો સિદ્ધાંત છે ને અનુભવમાં પણ એમ જ દૃઢ છે અને અમે પ્રત્યક્ષ નજરે જોઈને તમને આ વાત કહી છે.''[૪]

તેમણે વચનામૃતમાં ઉત્પત્તિ સર્ગ, એકાંતિક ધર્મ, જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મ તથા ઉપાસના, સંત-મહિમા, અંતઃશત્રુ જેવા અનેક ગહન વિષયોને લોકભોગ્ય દૃષ્ટાંતો સહિત અતિ સરળ ભાષામાં ઉપદેશ્યા છે.

આ ગ્રંથના અભ્યાસથી, સાધક સ્વયં આધ્યાત્મિકતાની નિત્ય નવીન ક્ષિતિજોને અનુભવ કરતો રહે છે. જેમ પર્વતારોહણ કરનાર જેમ જેમ ઉપર ચડતો જાય તેમ તેમ નવાં નવાં દૃશ્યો અને અન્ય ઉત્તુંગ શિખરો નિહાળે છે; તેમ વચનામૃતનું નિત્ય વાંચન-મનન કરનાર મનુષ્ય આત્યંતિક ઉત્થાન અને શાશ્વત સુખનાં શિખરોનાં નિત્ય દર્શન કરે છે, એટલું જ નહીં, તે સુખનો અધિકારી બને છે અને ભગવાનના પરમ ધામની પ્રાપ્તિ કરે છે.

'વચનામૃત' વિશે ઘણું ખેડાણ થયું છે. અનેક વિદ્વાનોએ 'વચનામૃત'ની વિશેષતાઓની વિસ્તૃતપણે ચર્ચા કરી છે! ટૂંકમાં કહીએ તો 'સનાતન પ્રશ્નોનું સચોટ માર્ગદર્શન એટલે વચનામૃત!'

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે અનેક ગહન વિષયો નિરૂપ્યા છે. તેમાં પૃથ્વી આદિ ચોવીસ તત્ત્વોનું નિરૂપણ છે, તે પૈકી અહીં આપણે 'બુદ્ધિતત્ત્વ' વિશે વાત કરવાનો ઉપક્રમ છે.

---

૨. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૮.

૩. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૯.

૪. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૩.

બુદ્ધિ

અગાધ આકાશને આંબવાથી માંડી સાગરના ઊંડાણ માપવા માનવબુદ્ધિએ ડૂબકીઓ મારી છે. દૂરશ્રવણ કે દૂરદર્શન જેવી અદ્‌ભુત શક્તિ વિકસાવી માનવીએ પોતાની બુદ્ધિની ક્ષમતા દર્શાવી છે. સમયની અતિ સૂક્ષ્મતા એટલે કે સેકંડના ૬૦,૭૫૦મા ભાગને માપવાથી માંડી, ગ્રહોનાં અંતરો જાણવા માનવે બુદ્ધિ કસી છે. સૂચનાઓનાં પ્રસંસ્કરણની યોગ્યતા સમી બુદ્ધિના પ્રભાવથી જ માનવને અન્ય પ્રાણીઓ કરતાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. મનોવિજ્ઞાન ક્ષેત્રમાં બુદ્ધિ મુખ્ય અભ્યાસનો વિષય મનાય છે. સૃષ્ટિના સર્જનથી આજ સુધી બુદ્ધિની ક્ષમતાને આધારે જ માનવજાતના બુદ્ધિમાન, મંદબુદ્ધિ, જડબુદ્ધિ, મૂઢબુદ્ધિ જેવા વિભિન્ન વર્ગો અસ્તિત્વમાં આવ્યા છે.

પ્રાચીન કાળથી જ 'બુદ્ધિ' જ્ઞાનાત્મક ક્રિયાઓમાં ચર્ચાનો વિષય રહી છે. *'બુદ્ધિર્યસ્ય બલં તસ્ય'* – જેમાં બુદ્ધિ છે તે જ બળવાન છે.

''આ જીવ છે તે બુદ્ધિએ કરીને જાણે છે અને તે બુદ્ધિ સર્વનું કારણ છે ને સર્વથી મોટી છે.''[૫]

ગીતામાં કહ્યું છે :

ઇન્દ્રિયાણિ પરાણ્યાહુરિન્દ્રિયેભ્યઃ પરં મનઃ ।
મનસસ્તુ પરા બુદ્ધિર્યો બુદ્ધેઃ પરતસ્તુ સઃ ॥[૬]

'ઇન્દ્રિયો સ્થૂળ શરીર કરતાં પણ બળવાન છે. તેનાથી મન બળવાન છે

૫. વચનામૃત કારિયાણી પ્રકરણ ૧.

૬. ગીતા, ૩/૪૨.

અને મનથી બળવાન બુદ્ધિ છે. બુદ્ધિથી બળવાન આત્મા છે.'

બુદ્ધિનું સ્વરૂપ સમજવું કઠિન છે. પ્રાચીન કાળથી બુદ્ધિનું સ્વરૂપ સમજવા મનોવિજ્ઞાનીઓ અને શિક્ષણવિદોમાં વાદ-વિવાદ અને મત-મતાંતરો રહ્યા છે. પાશ્ચાત્ય જગતમાં ઓગણીસમી સદીથી બુદ્ધિતત્ત્વને સમજવાનો પ્રયાસ થયો છે. મનોવૈજ્ઞાનિક ફ્રાંસિસ ગાલ્ટને સન ૧૮૮૫માં સર્વ પ્રથમ બુદ્ધિ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા, પરંતુ ભારતીય દર્શનોમાં તો પ્રાચીન કાળથી બુદ્ધિ અંગે નિરૂપણ જોવા મળે છે!

ગાલ્ટન ઉપરાંત ટર્મન, એબિંગાસ, સ્ટર્ન, થાર્નડાઈક, બિને, થર્સ્ટન જેવા અનેક મનોવૈજ્ઞાનિકોએ પોતાના પ્રયોગોથી બુદ્ધિના પ્રકારો અને સિદ્ધાંતોના સ્વરૂપને પરિભાષિત કરવા પ્રયત્ન કર્યા છે, પરંતુ તેમાં કોઈ પણ મનોવૈજ્ઞાનિક સર્વસંમતિ પ્રાપ્ત કરી શક્યો નથી.

વિશેષ વાત તો એ છે કે ભારતીય તત્ત્વજ્ઞાનમાં તો બુદ્ધિ અંગે અનાદિ કાળથી વિવરણ કરવામાં આવ્યું છે. સૃષ્ટિસર્જનનાં મૂળભૂત ચોવીસ તત્ત્વો પૈકી બુદ્ધિ પણ એક તત્ત્વ છે. બુદ્ધિની ગણના પ્રકૃતિમાં થાય છે.

ચાર અંતઃકરણમાં બુદ્ધિનો સમાવેશ થાય છે. વેદો, ઉપનિષદો, મહાભારત, ભાગવત આદિ પુરાણો તથા આગમોમાં બુદ્ધિનાં લક્ષણો, ગુણો અને ઉત્પત્તિ અંગે ખૂબ ગહન ચર્ચા થઈ છે.

ભગવાન સ્વામિનારાયણે સર્વ શાસ્ત્રના સાર રૂપે વચનામૃતમાં બુદ્ધિ જેવા ગહન વિષયને પણ સરળતાથી નિરૂપી, તે અંગે ખૂબ તલસ્પર્શી મૌલિક વિચારો રજૂ કર્યા છે.

બુદ્ધિનું લક્ષણ તથા ઉત્પત્તિ

'બુદ્ધ્યતે અનયા ઈતિ બુદ્ધિઃ ।'

– 'જેના વડે જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેને બુદ્ધિ કહેવાય છે.'

અમરકોષમાં મનીષા, ધિષણા, ધી, પ્રજ્ઞા, શેમુષી, મતિ, પ્રેક્ષા, ઉપલબ્ધિ, ચિત્, સંવિદ્, પ્રતિપદ્, જ્ઞપ્તિ અને ચેતનાને બુદ્ધિના પર્યાય કહ્યા છે.

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ જગતના હિત માટે, ભક્તોની રક્ષા માટે તેમજ અસુરોને મોહ પમાડવા માટે પૃથ્વી પર જન્મ ધારણ કરે છે. તેમના પ્રાદુર્ભાવનું મુખ્ય પ્રયોજન એકાંતિક ધર્મ સ્થાપી ભક્તોના મનોરથો પૂર્ણ કરવાનું છે.[૭] ભગવાન જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય પોતાના અર્થે નથી કરતા, પરંતુ જીવોના કલ્યાણ માટે કરે છે.[૮] મહામાયામાં લીન થયેલા અનંત જીવોના શ્રેય માટેનું આ નિમિત્ત કહી શકાય. તે માટે જ ભગવાન જીવોના હિત માટે બુદ્ધિ, મન, પ્રાણ વગેરેનું સર્જન કરે છે. તે શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે:

બુદ્ધિન્દ્રીયમનઃપ્રાણાન્ જનાનામસૃજત્પ્રભુઃ ।
માત્રાર્થં ચ ભવાર્થં ચ હ્યાત્મનેકલ્પનાય ચ ॥[૯]

અર્થ: સર્વે જનનાં બુદ્ધિ, ઇન્દ્રિયો, મન અને પ્રાણનું ભગવાન સર્જન કરે છે; તે જીવોને વિષયભોગને માટે તથા જન્મને અર્થે તથા લોકાંતરની

૭. વચનામૃત કારિયાણી પ્રકરણ ૫.

૮. વચનામૃત કારિયાણી પ્રકરણ ૧.

૯. ભાગવત: ૧૦/૮૭/૨; વચનામૃત કારિયાણી પ્રકરણ ૧.

પ્રાપ્તિ માટે અને મોક્ષને અર્થે સૃજ્યાં છે.

જ્ઞાન-જનની બુદ્ધિ

બુદ્ધિની ઉપલબ્ધિ જ્ઞાન છે. બ્રહ્મવૈવર્તપુરાણમાં બુદ્ધિને *'બુદ્ધિર્વિવેચનારૂપા સા જ્ઞાનજનની શ્રુતૌ'* – વિવેચનરૂપા જ્ઞાનની જનની બુદ્ધિ કહી છે.

વિદ્યા અને અવિદ્યા – એમ જ્ઞાનના બે પ્રકાર છે.

વિદ્યાના ચાર પ્રકાર છે – પ્રત્યક્ષ, લૈંગિક, સ્મૃતિ અને આર્ષ. અવિદ્યા પણ ચાર પ્રકારની કહી છે – સંશય, વિપર્યય, સ્વપ્ન અને અનધ્યવસાય.

"બુદ્ધિને વિષે પદાર્થમાત્રનું જ્ઞાન રહ્યું છે અને સમગ્ર ઇન્દ્રિયોને વિષે જે વિશેષ જ્ઞાન છે તે બુદ્ધિ વતે છે; અને જે બુદ્ધિને વિષે સંશય, નિશ્ચય, નિદ્રા અને સ્મૃતિ એ રહ્યાં છે."[૧૦]

પાણિનીય શિક્ષામાં કહ્યું છે:

'આત્મા બુદ્ધ્યા સમેત્યાર્થાન્ મનો યુંક્તે વિવક્ષયા ।'

બુદ્ધિ વડે આત્મા પદાર્થોનું અવબોધન કરી, બોલવાની ઇચ્છાથી મનને નિયોજિત કરે છે. મન દ્વારા ઇન્દ્રિયો કાર્યરત થાય છે.

ઇન્દ્રિયો જ્ઞાન પામવાનું માધ્યમ છે. બુદ્ધિ સર્વે ઇન્દ્રિયોની પ્રેરક છે. જીવ ઇન્દ્રિયો દ્વારા કઈ રીતે જ્ઞાન પ્રાપ્ત કરે છે તે વાત ભગવાન સ્વામિનારાયણ વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૪માં કહે છે:

- "...સ્થૂળ દેહને વિષે પણ જ્યારે સૂક્ષ્મ દેહ અનુસ્યૂતપણે વર્તે છે ત્યારે જ સર્વે ક્રિયા યથાર્થપણે થાય છે, પણ તે વિના થતી નથી; કેમ જે, કાન, નેત્ર આદિક જે ઇન્દ્રિયોનાં ગોલક તેમણે યુક્ત એવો જે સ્થૂળ દેહ તેને વિષે તે તે ઇન્દ્રિયાદિકે યુક્ત એવો જે સૂક્ષ્મ દેહ તે ભળે છે તેણે કરીને તે તે ઇન્દ્રિયોના વિષયનું ગ્રહણ થાય છે, પણ કેવળ સ્થૂળ દેહનાં ગોલકે કરીને થતું નથી."

બુદ્ધિની ઉત્પત્તિ

ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૧માં સૃષ્ટિની પ્રક્રિયાને સંક્ષિપ્તમાં વર્ણવી છે:

---

૧૦. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૨.

- "અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન તે સૃષ્ટિ સમયને વિષે અક્ષર સામી દૃષ્ટિ કરે છે, ત્યારે તે અક્ષરમાંથી પુરુષ પ્રગટ થઈ આવે છે. પછી તે પુરુષોત્તમ જે તે અક્ષરમાં પ્રવેશ કરીને પુરુષને વિષે પ્રવેશ કરે છે ને પુરુષરૂપે થઈને પ્રકૃતિને પ્રેરે છે. એવી રીતે જેમ જેમ પુરુષોત્તમનો પ્રવેશ થતો ગયો તેમ તેમ સૃષ્ટિની પ્રવૃત્તિ થઈ. અને પછી તે પ્રકૃતિપુરુષ થકી પ્રધાનપુરુષ થયાં અને તે પ્રધાનપુરુષ થકી મહત્તત્ત્વ થયું."

મહત્તત્ત્વ થકી સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થયો. વચનામૃત અનુસાર સાત્ત્વિક અહંકારથી મન અને ઇન્દ્રિયોના દેવતા ઉત્પન્ન થયા. રાજસ અહંકારમાંથી દસ ઇન્દ્રિયો, બુદ્ધિ અને પ્રાણ ઉત્પન્ન થયાં. તામસ અહંકારમાંથી પંચભૂત અને પંચ તન્માત્રા ઉત્પન્ન થયાં.

પંચભૂત, પંચવિષય, ઇન્દ્રિયો, અંતઃકરણ અને દેવતાના વિરલ સંયોજનથી વિરાટપુરુષ થયા અને તેની નાભિકમળમાંથી બ્રહ્મા થયા. વિરાટ-પુરુષે પોતાના અંગમાંથી પ્રથમ બ્રાહ્મકલ્પમાં સ્તંબ પર્યંત સમગ્ર જીવને સૃજ્યા.[૧૧] પાદ્મકલ્પમાં તે બ્રહ્મા થકી મરીચ્યાદિક પ્રજાપતિ થયા ને તે થકી કશ્યપ પ્રજાપતિ થયા ને તે થકી ઇન્દ્રાદિક દેવતા થયા ને દૈત્ય થયા અને સ્થાવર-જંગમ સર્વે સૃષ્ટિ થઈ.

આ રીતે પ્રકૃતિ-પુરુષ દ્વારા અનુક્રમે પ્રધાન-પુરુષ, મહત્તત્ત્વ અને અહંકારથી બુદ્ધિની ઉત્પત્તિ થઈ.

આમ, બુદ્ધિની ઉત્પત્તિ રજોગુણમાંથી થઈ છે, એટલે તે રજોગુણી છે.

---

૧૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૩.

બુદ્ધિનું શરીરમાં સ્થાન

બુદ્ધિનો ગુણ અધ્યવસાય (નિર્ણય કરવો) છે. માનવ જીવનમાં તે અગત્યનો ભાગ ભજવે છે. બુદ્ધિની અગત્યતા સમજતાં પહેલાં માનવ-શરીરની તાત્ત્વિક સંરચના જાણવી આવશ્યક છે.

જીવને ત્રણ શરીર છે: સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ. સ્થૂળ દેહ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એવાં પંચભૂતોથી બનેલો છે; જ્યારે સૂક્ષ્મ દેહ પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પ્રાણ, અપાન, સમાન, વ્યાન અને ઉદાન એ પંચ પ્રાણ અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એવાં ચાર અંતઃકરણ એમ કુલ ઓગણીસ તત્ત્વોનું બનેલું છે. આમ, સ્થૂળ દેહનાં પાંચ અને સૂક્ષ્મ દેહનાં ઓગણીસ તત્ત્વો મળી કુલ ચોવીસ તત્ત્વોનો આ દેહ બન્યો છે.[૧૨]

આ ચોવીસ તત્ત્વોયુક્ત દેહમાં જીવ અન્વયપણે રહ્યો છે.[૧૩] તેવી જ રીતે, બુદ્ધિ પણ આ દેહને વિષે શરીરમાં નખશિખા પર્યંત વ્યાપીને રહી છે.[૧૪]

આ રીતે જીવ અને બુદ્ધિ એકબીજામાં ઓતપ્રોત થઈને રહે છે.

ભગવાન સ્વામિનારાયણે બુદ્ધિ અને જીવના સંબંધને લોકભોગ્ય દૃષ્ટાંત દ્વારા ખૂબ સુંદર રીતે નિરૂપ્યો છે:

- "...જેમ કોઈક સ્ત્રીઓ ભરત ભરે છે તેમાં કાચનો કટકો હોય છે, તેમ ભરતને ઠેકાણે બુદ્ધિ છે અને કાચના કટકાને ઠેકાણે તે

---

૧૨. વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૪.

૧૩. વચનામૃત પંચાળા પ્રકરણ ૩.

૧૪. વચનામૃત કારિયાણી પ્રકરણ ૪.

જીવ છે.''[૧૫]

બુદ્ધિ એક માનસિક શક્તિ

બુદ્ધિ એક અદૃષ્ટ શક્તિ છે, જેને પ્રત્યક્ષ રૂપથી જોઈ શકાતી નથી, પરંતુ તેના પ્રભાવથી તેની અનુભૂતિ થઈ શકે છે. બુદ્ધિ માયાનું કાર્ય હોવાથી જડ છે, તેથી તેમાં સ્વતઃ જાણપણું શક્ય જ નથી. પરંતુ જીવમાં રહેલી બુદ્ધિની ગતિવિધિ ચેતનવંત જીવની ચેષ્ટાથી જાણી શકાય !

ભગવાન સ્વામિનારાયણ આ સંબંધને વિશેષપણે નિરૂપતાં કહે છે :

- ''તે બુદ્ધિ જે તે સર્વ ઇન્દ્રિયોની ક્રિયાને એકકાળાવચ્છિન્ન જાણે છે. તે બુદ્ધિને વિષે જીવ વ્યાપીને રહ્યો છે, તે જીવના જાણપણાને કહેવે કરીને બુદ્ધિનું જાણપણું કહેવાયું. અને તે જીવને વિષે સાક્ષી રહ્યા છે, માટે સાક્ષીના જાણપણાને કહેવે કરીને જીવનું જાણપણું પણ કહેવાયું.''[૧૬]

વચનામૃત કારિયાણી પ્રકરણ ૧માં આ વાતને સુંદર રીતે વર્ણવી છે. જીવ બુદ્ધિએ કરીને જાણે છે. તે સર્વેનું કારણ છે. મન, ચિત્ત, અહંકાર અને સર્વે કર્મેન્દ્રિયો તથા પંચ જ્ઞાનેન્દ્રિયોમાં બુદ્ધિ વ્યાપીને રહી છે. તેથી જ મહાભારતમાં બુદ્ધિને કાયાનગરની સ્વામિની કહી છે.[૧૭]

બુદ્ધિને વિષે જીવ રહ્યો છે; પણ જીવ જણાતો નથી. જેમ અગ્નિની જ્વાળા વધતી-ઘટતી જણાય પરંતુ તેનું ચાલકબળ વાયુ જણાતો નથી, વળી છાણામાં રહેલા અગ્નિનો ધુમાડો ઊંચો ચડતો જણાય, પરંતુ તેમાં ધુમાડાનો ચાલક વાયુ જણાતો નથી તથા આકાશમાં રહેલાં વાદળોની ગતિ નિહાળી શકાય પરંતુ તેને ગતિ આપનાર વાયુ નિહાળી શકતો નથી. તેમ જ્વાળા, ધુમાડો કે વાદળોના હલન-ચલનથી બાહ્યતઃ વાયુ પ્રતીત થતો નથી પરંતુ તે સર્વેનો પ્રેરક તો વાયુ જ છે. બુદ્ધિ પણ જ્વાળા, ધુમાડો કે વાદળની જેમ જડ છે પરંતુ ચૈતન્યરૂપ જીવની જ્ઞાનશક્તિ વડે જ તે કાર્ય કરવા સમર્થ થાય છે. તેથી બુદ્ધિમાં જીવ દ્વારા જ જાણપણું મળે છે.

---

૧૫. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૦.

૧૬. વચનામૃત કારિયાણી પ્રકરણ ૪.

૧૭. મહાભારત, આશ્વ. ૩૬/૧-૨.

લૌકિક દૃષ્ટિએ દેહ, ઇન્દ્રિયો, અંતઃકરણ, દેવતા અને વિષયમાં વ્યાપેલી બુદ્ધિની મહત્તા જણાય છે, પરંતુ પ્રચ્છન્ન સ્વરૂપે તેમાં પ્રકાશ કરનાર જીવનું સામર્થ્ય તો અપ્રતિમ છે. જેમ દસ મણની તલવારને જોઈ તેને ઉપાડનારના બાહુબળની કલ્પના કરી શકાય, તેમ સર્વ દેહ, ઇન્દ્રિયો, બુદ્ધિ વગેરેને એક કાળે પ્રકાશ કરનાર જીવની મહત્તાનું અનુમાન પણ સહજમાં જ થઈ શકે !

બુદ્ધિ દ્વારા ભગવાનનો નિશ્ચય

બુદ્ધિથી પદાર્થ અને તથ્યોને સમજવાની, પરસ્પર સંબંધો શોધવામાં તથા તર્કપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાની ક્ષમતા પ્રાપ્ત કરી શકાય છે. જીવનની અનેક પ્રકારની સમસ્યાઓનું સમાધાન કરવાનો ગુણ બુદ્ધિમાં છે. તેના વડે મનુષ્ય વિભિન્ન પરિસ્થિતિનો તાગ મેળવી સાનુકૂળતા પ્રાપ્ત કરે છે.

કમ્પ્યૂટરની ભાષામાં કહીએ તો બુદ્ધિ પ્રોસેસર છે. જેને લોજિક સર્કિટ્રી પણ કહે છે. તે કમ્પ્યૂટરને ચલાવતા મૂળ આદેશોનો પ્રત્યુત્તર આપે છે. તેનાં મુખ્ય ચાર કાર્યો છે : સંગ્રહણ (fetch), વિશ્લેષણ (decode), અમલીકરણ (execute) અને પરિણામ (writeback). તેવી જ રીતે બુદ્ધિ પણ મન, ઇન્દ્રિયો દ્વારા પદાર્થ કે સ્થિતિને પારખી, તેનું યથાર્થ વિશ્લેષણ કરે છે. ત્યારબાદ તેનો ઉચિત અમલ કરી પરિણામ-ગામિની અર્થાત્ નિશ્ચયાત્મિકા બને છે.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃત કારિયાણી પ્રકરણ ૧માં બુદ્ધિ દ્વારા ભગવાનનો નિશ્ચય કેવી રીતે થાય છે તે વાત સચોટ રીતે વર્ણવી છે. ભગવાનનો નિશ્ચય પ્રથમ ઇન્દ્રિયોમાં થાય; પછી અનુક્રમે અહંકાર, ચિત્ત, મન અને અંતે બુદ્ધિમાં થાય. પછી બુદ્ધિ દ્વારા જીવમાં નિશ્ચય થાય છે.

ઇન્દ્રિયો, અંતઃકરણ અને જીવમાં નિશ્ચય થયો હોય તે કેમ જણાય? નિત્યાનંદ સ્વામીના આ પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે :

- "ઇન્દ્રિયોમાં નિશ્ચય તે એમ જાણવો જે, આ જગતને વિષે જે જે

પદાર્થ છે તે દીઠામાં, સાંભળ્યામાં, સૂંઘ્યામાં, અડ્યામાં આવે છે તેમાં કેટલાક શુભ છે અને કેટલાક અશુભ છે, અને કેટલાક સુખરૂપ છે ને કેટલાક દુઃખરૂપ છે, અને કેટલાક પ્રિય છે ને કેટલાક અપ્રિય છે, અને કેટલાક યોગ્ય છે ને કેટલાક અયોગ્ય છે; એ સર્વે ભગવાનમાં જણાય તેણે કરીને કોઈ સંશય ન થાય, તો એને ઇન્દ્રિયોમાં નિશ્ચય જાણવો. અને સત્ત્વ, રજ અને તમ એ ત્રણ ગુણનાં જે કાર્ય છે, તેમાં આળસ-નિદ્રાદિક તમોગુણનું કાર્ય છે અને કામ-ક્રોધાદિક રજોગુણનું કાર્ય છે અને શમ-દમાદિક સત્ત્વગુણનું કાર્ય છે; એ સર્વે ભગવાનમાં દેખાય પણ તેમાં કોઈ સંશય ન થાય તો એને અંતઃકરણમાં (મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર) ભગવાનનો નિશ્ચય જાણવો. અને જેમ ઋષભદેવ ભગવાન નિર્વિકલ્પ સમાધિએ કરીને ઉન્મત્ત થકા વિચર્યા ને મુખમાં પાણો રાખ્યો ને પોતાનો દેહ દાવાનળમાં બળી ગયો તોય ખબર ન રહી; એવી રીતે જે ગુણાતીત સ્થિતિ તે ભગવાનમાં જણાય તેમાં કોઈ સંશય ન થાય, તો એને જીવને વિષે નિશ્ચય જાણવો.''

ભગવાન સ્વામિનારાયણ વહાણના લંગરનું ખૂબ સચોટ દૃષ્ટાંત આપી ઇન્દ્રિયો, અંતઃકરણ, અને જીવમાં અનુક્રમે થયેલા ભગવાનના નિશ્ચયની શ્રેષ્ઠતાને સચોટ રીતે સમજાવે છે:

- ''જેમ સમુદ્રમાં વહાણ ચાલે છે તેમાં જે લોઢાનાં નાંગળ હોય તેને સમુદ્રમાં નાંખે, તે જો ધરતી લગણ ન પૂગ્યો હોય ને તેને જો તરત તાણી લે તો ઝાઝી મહેનત ન પડે ને તરત નીસરી આવે, અને તેને ધરતી લગણ જવા દઈને તાણે તો ઘણી મહેનતે નીસરે, અને જો ધીરે ધીરે જવા દે ને ધરતીમાં ખૂતે ને ભરાઈ જાય તો પાછો તે તાણ્યો તણાય નહીં ને નીસરે પણ નહીં. એમ જેને જીવને વિષે નિશ્ચય થાય તો તેનો નિશ્ચય કોઈ પ્રકારે તાણ્યો તણાય નહીં.''[૧૮]

આમ, ભગવાનની શુભાશુભ ક્રિયાથી લઈ ગુણાતીત સ્થિતિ સુધીની તારતમ્યતામાં પણ નિઃસંશય રહેવાય તે નિશ્ચયનું હાર્દ છે.

---

૧૮. વચનામૃત કારિયાણી પ્રકરણ ૧.

દિવ્યભાવ અને મનુષ્યભાવમાં સમબુદ્ધિ એ જ ભક્તિ

ભગવાનનું સ્વરૂપ પંચ જ્ઞાનેન્દ્રિયોથી અગોચર છે. તે સ્વરૂપ મનના સંકલ્પમાં, બુદ્ધિના નિશ્ચયમાં, ચિત્તના ચિંતવનમાં આવે તેવું નથી. વળી, અહંકારના અહંપણાથી પણ તે ધારી શકાય તેવું નથી. તેમ છતાં ભક્તના સુખ માટે નૃસિંહ, હયગ્રીવ, કચ્છપ કે રામકૃષ્ણાદિક રૂપોને ધારણ કરી મનુષ્યની જેમ બાળ-યૌવન જેવા ભાવો બતાવે. વળી, યુગો પ્રમાણે નાનું-મોટું આયુષ્ય વિતાવે કે મનુષ્ય જેવી ચેષ્ટા કરી કામ-ક્રોધાદિક દોષો અથવા નિર્ભયતા કે કાયરતા જેવા અનેક સ્વભાવો બતાવે. આવા અનેકવિધ ભાવોમાં બુદ્ધિવાનને કોઈ પણ પ્રકારનો સંશય થાય નહીં. જેમ શંકરાચાર્યે શૃંગાર રસ જાણવા માટે રાજામાં પ્રવેશ કર્યો ત્યારે તેમનામાં રાજા જેવાં જ સર્વે શૃંગારાદિક ભાવ અને ચેષ્ટા હતાં. પરંતુ બુદ્ધિશાળી રાણીને રાજાની ચેષ્ટામાં ચમત્કાર જણાયો અને નિશ્ચય કર્યો કે રાજામાં કોઈક અન્યે પ્રવેશ કર્યો છે. તેમ ભગવાન મનુષ્યભાવ ધારે તો પણ બુદ્ધિવાન તેની ચેષ્ટા પરખી દિવ્યભાવ જ પરખે.[૧૯]

જે અલ્પમતિવાળા જીવ છે તે ભગવાનમાં દોષબુદ્ધિ કલ્પે છે, પરંતુ ભગવાન તો દોષરહિત છે.

'અસુરાણાં વિમોહાય દોષા વિષ્ણૌ નહિ ક્વચિત્.'

ભગવાન અસુરોના મોહ માટે પ્રાકૃતભાવ બતાવે છે, પરંતુ તેમનામાં તો કોઈ દોષ નથી. ગીતામાં પણ કહ્યું છે :

---

૧૯. વચનામૃત પંચાળા પ્રકરણ ૪.

અવજાનન્તિ માં મૂઢા માનુષીં તનુમાશ્રિતમ્ ।
પરં ભાવમજાનન્તો મમ ભૂતમહેશ્વરમ્ ॥[૨૦]

જે મૂઢ છે તે ભગવાનના પરમ ભાવને જાણ્યા વિના ભગવાનમાં મનુષ્યભાવ પરઠે છે. ભગવાનમાં જે દેહભાવ દેખાય છે તે તો નટની માયા સમાન છે.[૨૧] જેમ નટના ચરિત્ર જોઈને જગતના જીવની મતિ ભ્રમી જાય છે, પરંતુ જે નટની વિદ્યાને જાણતો હોય તેની બુદ્ધિ ભ્રમી નથી જતી; તેવી રીતે જે ભગવાનનો મહિમા અને ચરિત્ર જાણતો હોય તેની મતિ ક્યારેય ભ્રમી જતી નથી.[૨૨] તેમ છતાં કોઈ ભગવાનમાં દોષબુદ્ધિ કરશે તો તેને જાગ્રત અને સ્વપ્નમાં ભૂંડા ઘાટ થશે અને દેહ મૂક્યા સમે બહુ કષ્ટ થશે.[૨૩]

ભગવાન પોતાના અવતાર દ્વારા પૃથ્વી પર પ્રગટે છે, ત્યારે જગતરૂપી માયાના કાર્યમાં મોહ પામ્યા વગર પોતાના અલૌકિક પ્રતાપે કરીને નિઃશંક વર્તે છે. અને પોતાના ભક્તજનની ભક્તિને અંગીકાર કરવાને અર્થે પંચ-વિષયને સારી પેઠે ભોગવે છે. તેને જોઈને જે અખતરડાહ્યા મનુષ્ય તેમનો અભાવ લે છે અને 'પોતા કરતાં પણ ભગવાનને પંચવિષયમાં વધુ આસક્તિ છે,' એમ વિચારી દોષ જુએ છે.[૨૪]

જે જીવને ભગવાનનાં ચરિત્રમાં કોઈ સંદેહ થાય અથવા ભગવાનનો અભાવ આવે તો જેમ વૃક્ષનાં મૂળ કપાઈ જવાથી તે આપ મેળે જ સુકાઈ જાય, તેમ તે જીવ કલ્યાણના માર્ગમાંથી તત્કાળ પડી જાય છે. અને એ જીવ જરૂર વિમુખ થયા વિના રહે નહીં.[૨૫]

ભગવાનનો ભક્ત ભગવાનના દિવ્ય અને પ્રાકૃત એટલે કે મનુષ્ય ચરિત્રમાં સમભાવ કેળવે એ જ નિશ્ચયરૂપી ગર્ભનું જતન કર્યું કહેવાય અને તેને જ ભગવાનનો સાચો ભક્ત કહ્યો છે. ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે :

જન્મ કર્મ ચ મે દિવ્યમેવં યો વેત્તિ તત્ત્વતઃ ।
ત્યક્ત્વા દેહં પુનર્જન્મ નૈતિ મામેતિ સોર્જુન! ॥

---

૨૦. ગીતા : ૭/૧૪.

૨૧. વચનામૃત પંચાળા પ્રકરણ ૭.

૨૨. વચનામૃત અમદાવાદ પ્રકરણ ૪.

૨૩. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩૩.

૨૪. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૫.

૨૫. વચનામૃત વરતાલ પ્રકરણ ૧૨.

'હે અર્જુન! મારાં જન્મ ને કર્મ તે દિવ્ય છે. તેને જે દિવ્ય જાણે તે દેહને મૂકીને ફરી જન્મને નથી પામતો, મને જ પામે છે.'

"માટે જે ભગવાન દિવ્ય ચરિત્ર કરે તે તો ભક્ત અને અભક્ત બેયને દિવ્ય જણાય, પણ જ્યારે ભગવાન મનુષ્યના જેવાં પ્રાકૃત ચરિત્ર કરે તો પણ તેને વિષે જેને દિવ્યપણું જ જણાય પણ કોઈ રીતે ભગવાનનાં ચરિત્રમાં અભાવ આવે નહીં, એવી જેની બુદ્ધિ હોય તેને પરમેશ્વરની ભક્તિ કહેવાય; અને એવી ભક્તિ કરે તેને જ ભક્ત કહેવાય." અને એવી ભક્તિ છે તે જ પરમ પદ છે.[૨૬] ભગવાનનો યથાર્થ મહિમા જાણ્યા વિના પ્રાકૃત બુદ્ધિએ કરેલી ભક્તિ વિઘ્નરૂપ થાય છે.[૨૭]

જ્યારે આત્યંતિક પ્રલય થાય છે ત્યારે પ્રકૃતિ-પુરુષનું સર્વ કાર્ય અક્ષરબ્રહ્મના તેજમાં લીન થઈ જાય છે અને તે તેજમાં દિવ્યમૂર્તિ પુરુષોત્તમ ભગવાન અખંડ વિરાજમાન રહે છે. અને તે જ દિવ્યમૂર્તિ ભગવાન જીવના કલ્યાણ માટે મનુષ્યાકૃતિ ધારણ કરી પૃથ્વી ઉપર સર્વ જનના નયનગોચર વર્તે છે. આ દિવ્ય લીલાને જગતના અણસમજુ જીવ માયિક કહે છે. આ અણસમજણની નિવૃત્તિ માટે વેદાંતશાસ્ત્ર સદા સાકાર, સર્વકર્તા અને ગુણાતીત એવા દિવ્યમૂર્તિ ભગવાનને નિર્ગુણ, અછેદ્ય, અભેદ્ય, સર્વ વ્યાપક કહે છે. જીવની બુદ્ધિમાંથી માયિકભાવ ટાળવા માટે જ ભગવાનને નિર્ગુણ કહ્યા છે. ભગવાન તો અસંગી છે. તે તો ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય અવસ્થામાં એકરૂપે જ રહે છે, પરંતુ માયિક પદાર્થની જેમ વિકારને નથી પામતા; સદા દિવ્યરૂપે જ વિરાજમાન રહે છે.[૨૮]

ભાગવતમાં કહ્યું છે:

એતદીશનમીશસ્ય પ્રકૃતિસ્થોપિ તદ્ગુણૈ: ।
ન યુજ્યતે સદાત્મસ્થૈર્યથા બુદ્ધિસ્તદાશ્રયા ॥[૨૯]

અર્થ: ભગવાનની ભગવત્તા એ છે કે તેઓ પ્રકૃતિમાં સ્થિત હોવા છતાં પણ તેના ગુણોથી કદી લોપાતા નથી. વળી, ભગવાનને આશરે રહેલી બુદ્ધિ

---

૨૬. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૦.

૨૭. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૫.

૨૮. વચનામૃત કારિયાણી પ્રકરણ ૭.

૨૯. ભાગવત: ૧/૧૧/૩૮; વચનામૃત લોયા પ્રકરણ ૧૩.

પણ પ્રાકૃત ગુણોમાં કદી લોપાતી નથી.

ટૂંકમાં, ભગવાનના પ્રબળ મહિમાના વિચારથી જ બુદ્ધિમાં ભગવાનનો પરિપૂર્ણ નિશ્ચય થાય છે અને તો જ ઈન્દ્રિયો અને અંતઃકરણ પંચવિષયમાંથી નિવૃત્તિ પામે. ભગવાનનું સ્વરૂપ તો માયા અને માયાના કાર્યથી પર છે, એવો જેને દૃઢ નિશ્ચય થયો હોય તે માયાને તરી ચૂક્યો છે.[30]

દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે॥[૩૧]

અર્થ: મારી આ ગુણમયી દૈવી માયા દુસ્તર છે, પરંતુ જેઓ મારું જ શરણ લે છે તેઓ આ માયાને તરી જાય છે.

માટે ભગવાનને સંપૂર્ણ નિર્દોષ સમજી, ભક્તે પોતાની બુદ્ધિને પરિમાર્જિત કરવી જ હિતાવહ છે.

---

૩૦. વચનામૃત વરતાલ પ્રકરણ ૫.
૩૧. ગીતા: ૯/૧૧.

દેશકાળાદિકનો બુદ્ધિ પર પ્રભાવ

વાતાવરણ અને આનુવંશિકતા બુદ્ધિને પ્રભાવિત કરનારાં મુખ્ય પરિબળો છે. જેમાં વાતાવરણની પ્રબળતા ૯૯% અને નામમાત્ર ૧% આનુવંશિકતા છે. વાતાવરણ એટલે દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, શાસ્ત્ર, દીક્ષા અને દેવતાનું ધ્યાન. ભગવાન સ્વામિનારાયણે વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮માં આ વાતની પુષ્ટિ કરી છે. તેમજ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૪માં પણ આ જ વાતને ભાર આપતાં તેઓ કહે છે :

"...ભૂંડાં દેશ, કાળ, ક્રિયા, સંગ આદિકને યોગે કરીને બુદ્ધિ પલટાઈને બીજી રીતની જ થઈ જાય છે; તેણે કરીને અવગુણ વધુ સૂઝે છે. ત્યારે એમ જાણવું જે, 'બુદ્ધિને વિષે ભૂંડાં દેશકાળાદિકનું દૂષણ લાગ્યું છે."

જ્યારે કોઈક મોટા હોય તેને ભૂંડા દેશકાળાદિકનો યોગ થાય ત્યારે તેમની બુદ્ધિમાં પણ ફેર પડી જાય અને વળી તેમનો પાયો કાચો છે તેવું પ્રતીત થાય. જો વિશેષ ભૂંડા દેશકાળાદિકનો યોગ થાય તો તેમની ભગવાનમાં પ્રીતિ હોય તેનું પણ ઠેકાણું ન રહે. જેમ કસુંબલ વસ્ત્ર સારું હોય પણ તેના પર પાણી પડે પછી તેને તડકામાં સૂકવીએ તો તે અતિ નકારું થઈ જાય ! શ્વેત વસ્ત્ર જેવું પણ ન રહે. તેમ ભૂંડા દેશકાળમાં મોટાની બુદ્ધિ પણ અસ્થિર બની જાય.[૩૨]

અજામિલ પવિત્ર બ્રાહ્મણ હતો, પરંતુ ગણિકાના માથામાંથી પડેલા પુષ્પને સૂંઘતાં જ બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ ! માતાપિતાની સેવામાં જ વ્યસ્ત રહેતા શ્રવણકુમારની બુદ્ધિ પણ અશુભ સ્થાનમાંથી પસાર થતાં વિચલિત થઈ ગઈ!

---

૩૨. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૬.

બુદ્ધિના પ્રકાર

દેશકાળાદિકના પ્રભાવથી જ બુદ્ધિમાં અનેક પ્રકારના ભેદ સર્જાય છે. બુદ્ધિને બે પ્રકારમાં વહેંચી શકાય: સકારાત્મક (રચનાત્મક) અને નકારાત્મક (વિનાશક). સકારાત્મક બુદ્ધિ સામાજિક, વ્યાવહારિક, ભૌતિક કે આધ્યાત્મિક વિકાસમાં સહાયભૂત બને છે; જ્યારે નકારાત્મક બુદ્ધિ તમામ ક્ષેત્રે વિનાશ વેરે છે. નકારાત્મક બુદ્ધિમાં નર્યો સ્વાર્થ અને વિકૃતિનાં વમળો પ્રતિબિંબિત થાય છે.

ગીતામાં શ્રીકૃષ્ણે 'કર્મયોગ'માં નિશ્ચયાત્મિકા બુદ્ધિ એક જ કહી છે; પરંતુ અસ્થિર વિચારના વિવેકહીન સકામ પુરુષોની બુદ્ધિઓ અનેક પ્રકારની અને અનંત કહી છે. આ અનંત પ્રકારની બુદ્ધિને ગીતામાં સાત્ત્વિક, રાજસિક અને તામસિક એમ ત્રણ વિભાગમાં વિભાજિત કરી છે.[૩૩]

'જે સમજણ દ્વારા મનુષ્ય જાણી શકે કે શું કરવા યોગ્ય છે અને શું કરવા યોગ્ય નથી, શેનો ભય રાખવો જોઈએ અને શેનાથી ભય પામવું ન જોઈએ, શું બંધનકર્તા છે અને શું મુક્તિ આપનાર છે, તે સત્ત્વગુણમાં રહેલી બુદ્ધિ છે.'

'જે બુદ્ધિ ધર્મ તથા અધર્મ, કરવા યોગ્ય અને કરવા માટે અયોગ્ય કર્મનો ભેદ કરી શકતી નથી, તે રાજસી અર્થાત્ રજોગુણી હોય છે.'

'જે બુદ્ધિ મોહ તથા અંધકારને વશ થઈને, અધર્મને ધર્મ તથા ધર્મને અધર્મ માને છે અને હંમેશાં અવળી દિશામાં પ્રયાસ કરે છે તે તામસી બુદ્ધિ છે.'

---

૩૩. ગીતા, ૧૮/૩૦-૩૨.

બુદ્ધિ રાજસ અહંકારમાંથી ઉત્પન્ન થઈ છે, માટે રજોગુણી છે. (વચ. ગ.પ્ર.૧૨)

વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે દૈવી-આસુરીબુદ્ધિ, દોષબુદ્ધિ, આત્મબુદ્ધિ, તુચ્છબુદ્ધિ, નાસ્તિકબુદ્ધિ, કામબુદ્ધિ, ભ્રષ્ટબુદ્ધિ, કુશાગ્રબુદ્ધિ, શાપિતબુદ્ધિ, વૈરબુદ્ધિ, આત્મબુદ્ધિ, દેહાત્મબુદ્ધિ, સમબુદ્ધિ, અહં-મમત્વબુદ્ધિ વગેરે બુદ્ધિના અનેક પ્રકારોની વ્યાખ્યા ખૂબ સૂક્ષ્મતાથી કરી છે.

સમબુદ્ધિ

આત્મજ્ઞાનમાં જેની મતિ સ્થિર થઈ છે તેને સ્થિતપ્રજ્ઞ કહે છે. વિપરીત સંજોગોમાં બુદ્ધિને સ્થિર રાખવી, સમબુદ્ધિ રાખવી તે સ્થિતપ્રજ્ઞતા.

મહાભારતના યુદ્ધના પ્રારંભમાં કૌરવ અને પાંડવ પક્ષોના લાખો યોદ્ધાઓ, ગુરુજનો અને સ્વજનોની હત્યાના વિચારમાત્રથી અર્જુન વ્યથિત થઈ ગયા. અર્જુન બુદ્ધિમાન હતા, છતાં પણ પોતાના સ્વજન પ્રત્યેના સ્નેહને કારણે, શ્રીકૃષ્ણની આજ્ઞા હોવા છતાં પણ તેમની બુદ્ધિમાં ભ્રમ પેદા થયો અને યુદ્ધમાંથી પરાંગમુખ થવા તત્પર થયા. અર્જુનના વિષાદને હણવા શ્રીકૃષ્ણ ભગવદ્‌ગીતામાં સ્થિતપ્રજ્ઞતા કેળવવા ઉપદેશ આપે છે.[૩૪]

ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે :

યદા સંહરતે ચાયં કૂર્મોઙ્ગાનીવ સર્વશઃ ।
ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેભ્યસ્તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥

કાચબો જેમ બધી બાજુએથી પોતાનાં અંગોને સંકોરી લે છે, તેમ જે પુરુષ ઇન્દ્રિયોના શબ્દાદિ પંચવિષયોમાંથી ઇન્દ્રિયોને સર્વ પ્રકારે ખેંચી લે છે, ત્યારે તેની બુદ્ધિ સ્થિર થાય છે. આ જ સ્થિતપ્રજ્ઞ પુરુષનું લક્ષણ છે.

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૦ અને લોયા પ્રકરણ ૧૦માં સ્થિતપ્રજ્ઞાને 'સમબુદ્ધિ' શબ્દથી પ્રયોજી, ઇન્દ્રિયોની વૃત્તિને કયા વિચારથી સંકોરવી તેનો ઉપાય દર્શાવતાં કહે છે :

- "...શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેને વિષે જેટલી પોતાને તૃષ્ણા હોય તેનો વિચાર કરવો જે, 'મારે જેટલી ભગવાનને વિષે વાસના છે તેટલી જ જગતને વિષે છે કે ઓછી-

---

૩૪. ગીતા, ૨/૫૫-૭૨.

વધુ છે?' તેની પરીક્ષા કરવી. ને જેટલી ભગવાનની વાત સાંભળવામાં શ્રોત્ર ઇન્દ્રિય લોભાતી હોય તેટલી જ જગતની વાત સાંભળવામાં લોભાતી હોય તો એમ જાણવું જે, 'ભગવાનમાં ને જગતમાં બરોબર વાસના છે.' એવી જ રીતે સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ સર્વે વિષયનો તપાસ કરવો. અને જ્યારે એવી રીતે તપાસ કરતો કરતો જગતની વાસનાને ઘટાડતો જાય ને ભગવાનની વાસનાને વધારતો જાય તેણે કરીને એને પંચવિષયને વિષે સમબુદ્ધિ થઈ જાય છે."

તાનિ સર્વાણિ સંયમ્ય યુક્ત આસીત મત્પરઃ ।
વશે હિ યસ્યેન્દ્રિયાણિ તસ્ય પ્રજ્ઞા પ્રતિષ્ઠિતા ॥[૩૫]

– સમસ્ત ઇન્દ્રિયોને વશ કરી સમાહિતચિત્ત થયેલો મારામાં પરાયણ થાય છે, કારણ કે જે પુરુષની ઇન્દ્રિયો વશમાં હોય છે, તેની જ બુદ્ધિ સ્થિર હોય છે.

'અક્ષરમહં પુરુષોત્તમદાસોસ્મિ ।' પરબ્રહ્મ પરમાત્માનો હું અક્ષરરૂપ એવો દાસ છું' – એવી રીતે પોતાના સ્વરૂપનું તથા પરબ્રહ્મના સ્વરૂપનું આ જીવને અવબોધન થાય છે ત્યારે અતિ રમણીય પંચવિષયના યોગથી પણ તેનું મન લેશમાત્ર પણ વિકારને પામતું નથી. જે પંચવિષયોને ગ્રહણ કરવાની આવશ્યકતા હોય તેટલા જ વિષયોને ગ્રહણ કરે પરંતુ વિષયને આધીન ન થાય. જેમ કરોળિયો પોતાની લાળને વિસ્તારીને પાછી સ્વતંત્રપણે ગળવી ઘટે ત્યારે ગળી લે છે, તેમ જ્ઞાની એવો જિતેન્દ્રિય પુરુષ આવશ્યકપણે પોતાની ઇન્દ્રિયોને વિષયોમાં પ્રસારીને પુનઃ સ્વતંત્રપણે સંકેલી લે છે.[૩૬]

આવી સ્થિતપ્રજ્ઞા અથવા સમબુદ્ધિ ધારનારને વનમાં કે રાજ્યમાં સમતા અનુભવાય છે. રાજ્ય કરતાં પણ વનમાં તેને વિશેષ આનંદ હોય! રાજ્યમાં રહી લક્ષાવધિ મનુષ્યો તેની આજ્ઞામાં વર્તતા હોય અને સમૃદ્ધિની સીમાનો પાર ન હોય તો પણ તેનાથી તે છકી ન જાય. કદાચ આવા રાજ્યનો નાશ થઈ જાય અને મૃત્તિકાનું પાત્ર લઈ ભિક્ષા માંગવાનો વારો આવે તો પણ એવી ગરીબીમાં પણ તેની અલમસ્તાઈની ગરિમા લેશ પણ ઓછી થતી નથી.

---

૩૫. ગીતા, ૨/૬૧.

૩૬. વચનામૃત લોયા પ્રકરણ ૧૦.

આત્મા - પરમાત્માના જ્ઞાનથી તેની બુદ્ધિ અતિ પરિપક્વ થઈ જાય છે. આ પરિપક્વતા એટલે સ્થિતપ્રજ્ઞતા. જ્ઞાની પુરુષોની દૃષ્ટિ અતિ વિશાળ થઈ જાય છે ને તેથી જ માયિક પદાર્થની તુચ્છતા અનુભવે છે. તેથી જ તેને પ્રકૃતિ-પુરુષ થકી ઊપજેલ કોઈ પણ પદાર્થ બંધન કરવા સમર્થ નથી.

સમબુદ્ધિ થયા પછી કંગાલની સ્થિતિમાંથી રાજ્ય પ્રાપ્ત થાય, લાકડાંના ભારા વેચી ગુજરાન કરતો હોય અને અચાનક રાજ્યસંબંધી મહાન કાર્યો કરતો થઈ જાય, તેવા સંજોગોમાં પણ તે સમતા અનુભવી સુખસાગરમાં હિલોળા લે. તેને નિંદા ને સ્તુતિ સરખાં લાગે અને સારો સ્પર્શ ને ભૂંડો સ્પર્શ સરખો લાગે; તેમ જ સારું રૂપ ને ભૂંડું રૂપ તથા બાળ, યૌવન ને વૃદ્ધ એવી જે સ્ત્રીઓ તથા કચરો અને કંચન એ સર્વે સરખું ભાસે; તેમ જ સારા ને ભૂંડા જે રસ ને ગંધ તે પણ સરખા ભાસે.[૩૭]

આવી રીતે સિદ્ધિ-અસિદ્ધિ, સુખ-દુ:ખ, જય-પરાજય, હર્ષ-શોક, લાભ-હાનિ આદિ દ્વંદ્વોમાં સમબુદ્ધિ સ્વાભાવિકપણે થાય ત્યારે જ વાસના જીતી જાણવી.[૩૮]

જેને એવો સારા-નરસાનો બુદ્ધિનો ભેદ ન રહે તેને નિર્મોહી કહેવાય.[૩૯]

આવી સમબુદ્ધિ રાખવાના કર્તવ્યને ગીતામાં યોગ કહ્યો છે: 'સમત્વં યોગ ઉચ્યતે.'[૪૦]

સમત્વરૂપી યોગ જ કર્મોમાં કુશળ યોગ છે. તે ગીતામાં કહ્યું છે:

બુદ્ધિયુક્તો જહાતીહ ઉભે સુકૃતદુષ્કૃતે ।
તસ્માદ્ યોગાય યુજ્યસ્વ યોગ: કર્મસુ કૌશલમ્ ॥[૪૧]

સમબુદ્ધિ વડે જ કર્મબંધન થકી છૂટી શકાય.

વળી ગીતામાં સ્થિતપ્રજ્ઞતાનું ફળ ભગવાનનું પરમ ધામ બતાવ્યું છે:

કર્મજં બુદ્ધિયુક્તા હિ ફલં ત્યક્ત્વા મનીષિણ: ।
જન્મબન્ધવિનિર્મુક્તા: પદં ગચ્છન્ત્યનામયમ્ ॥[૪૨]

---

૩૭. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૦; લોયા પ્રકરણ ૧૦.
૩૮. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૦.
૩૯. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧.
૪૦. ગીતા: ૨/૪૮.
૪૧. ગીતા: ૨/૫૦.
૪૨. ગીતા: ૨/૫૧.

'સમબુદ્ધિથી યુક્ત જ્ઞાનીજનો કર્મોથી ઉત્પન્ન થનાર ફળનો ત્યાગ કરીને જન્મરૂપી બંધનમાંથી મુક્ત થઈ નિર્વિકાર પરમપદને પામે છે,' અને આવા જ્ઞાનીજનો જ ભગવાનને પ્રિય છે.

વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૭માં ભગવાનના સ્વરૂપને નિર્વિકારી અને નિર્લેપ સમજવું એ સ્થિતપ્રજ્ઞનું લક્ષણ કહ્યું છે. ભગવાન સ્વામિનારાયણ સ્થિતપ્રજ્ઞતાની વિશેષ વ્યાખ્યા કરે છે:

- "જેમ પોતાના આત્માને વિષે જેને સ્થિતિ હોય તે પણ સ્થિતપ્રજ્ઞ કહેવાય છે, તેમ જેને ભગવાનના સ્વરૂપને વિષે કોઈ જાતનો ઘાટ ન હોય અને જેમ ભગવાનનું સમર્થપણું હોય ને તેનું ગાન કરે તેમ જ અસમર્થપણું હોય તેનું પણ ગાન કરે અને જેમ ભગવાનનું યોગ્ય ચરિત્ર હોય તેનું ગાન કરે તેમ જ જે અયોગ્ય જેવું ચરિત્ર જણાતું હોય તેનું પણ ગાન કરે પણ ભગવાનના ચરિત્રને વિષે યોગ્ય-અયોગ્ય એવો ઘાટ ઘડે નહીં, એવો જે ભગવાનનો ભક્ત હોય તેને પુરુષોત્તમના સ્વરૂપને વિષે સ્થિતપ્રજ્ઞ જાણવો."[૪૩]

સાધક અનેકવિધ શબ્દોથી ઘેરાયેલી બુદ્ધિને જ્યારે મોહરૂપી કાદવને ઓળંગી, નિર્વાસનિક એવા સ્થિતપ્રજ્ઞ એકાંતિક પુરુષના યોગથી પરમાત્મામાં સ્થિર કરે છે, ત્યારે જ તેને એકાંતિક સ્થિતિ પ્રાપ્ત થાય છે. એ જ પરમ પદની પ્રાપ્તિનો એક માત્ર ઉપાય છે.

આત્મબુદ્ધિ

જેને સર્વ સાધન થકી સત્સંગ અધિક જણાયો હોય તેને ભગવાનના સંતમાં આત્મબુદ્ધિવાળો જાણવો.

આત્મબુદ્ધિનું લક્ષણ સમજાવતાં શ્રીહરિ કહે છે:

- "જેમ કોઈક રાજા હોય ને તે વાંઝિયો હોય ને પછી તેને ઘડપણમાં દીકરો આવે, પછી તે છોકરો તેને ગાળો દે ને મૂછો તાણે તો પણ અભાવ આવે નહીં અને કોઈકના છોકરાને મારે તથા ગામમાં અનીતિ કરી આવે તો પણ કોઈ રીતે તેનો અવગુણ આવે જ નહીં; શા માટે જે, એ રાજાને પોતાના દીકરાને વિષે આત્મબુદ્ધિ થઈ ગઈ

---

૪૩. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૭.

છે. એવી જેને ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ થાય છે તેણે જ સર્વ સાધન થકી અધિક કલ્યાણકારી સત્સંગને જાણ્યો છે."[૪૪]

કારણ કે સર્વ સાધનમાં સત્સંગને અધિક કહ્યો છે.

પૂર્વજન્મ અને આ જન્મમાં જે કાંઈ સંસ્કાર છે તે સત્પુરુષના યોગે કરીને જ છે. આવા સત્પુરુષના સંગના મહિમાને જે સમજી શકતો નથી તે અતિશય મંદબુદ્ધિવાળો જાણવો.[૪૫]

ભાગવતમાં આ વાતની પુષ્ટિ કરી છે:

યસ્યાત્મબુદ્ધિઃ કુણપે ત્રિધાતુકે સ્વધીઃ કલત્રાદિષુ ભૌમ ઈજ્યધીઃ ।
યત્તીર્થબુદ્ધિઃ સલિલે ન કર્હિચિજ્જનેષ્વભિજ્ઞેષુ સ એવ ગોખરઃ ॥[૪૬]

અર્થ: જે પુરુષને વાત, પિત્ત અને કફરૂપ ત્રણ ધાતુમય શરીરમાં આત્મબુદ્ધિ છે અને સ્ત્રી પુત્રાદિકમાં મમત્વબુદ્ધિ છે અને ભૂમિના વિકારભૂત પ્રતિમાદિકમાં પૂજનીય દેવતાબુદ્ધિ છે અને જળમાં તીર્થબુદ્ધિ છે, તે પુરુષને જો આત્મબુદ્ધિ વગેરે ચારેય બુદ્ધિ ભગવાનના એકાંતિક જ્ઞાની ભક્તમાં ન હોય તો તેને પશુઓમાં હલકો ગધેડો જાણવો.

શ્રીહરિ પોતાનો અંતરનો સિદ્ધાંત સમજાવતાં વચનામૃતમાં કહે છે:

- "જેને પોતાનું કલ્યાણ ઇચ્છવું તેને તો ભગવાન ને ભગવાનના સાધુ એથી ઉપરાંત બીજું કાંઈ જગતમાં સુખદાયી નથી. માટે જેમ પોતાના શરીરને વિષે જીવને આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન ને ભગવાનના સંતને વિષે આત્મબુદ્ધિ રાખી જોઈએ અને ભગવાનના ભક્તનો પક્ષ દૃઢ કરીને રાખ્યો જોઈએ. અને તે પક્ષ રાખતાં થકાં આબરૂ વધો અથવા ઘટો, અથવા માન થાઓ કે અપમાન થાઓ, અથવા દેહ જીવો કે મરો, પણ કોઈ રીતે ભગવાન ને ભગવાનના ભક્તનો પક્ષ મૂકવો નહીં."

  આવો આત્મબુદ્ધિથી પક્ષ રાખનારને અતિ બળવાન કામ-ક્રોધાદિક શત્રુ પણ પરાભવ કરી શકતા નથી. વળી, તે નિશ્ચે ભગવાનના ધામને પામે છે.[૪૭]

---

૪૪. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૪.
૪૫. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨.
૪૬. ભાગવત: ૧૦/૮૪/૧૩.
૪૭. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૭.

વિપરીત સંજોગોમાં પણ ભગવાનના ભક્તનો પક્ષ રાખવો તેને સંપ કહેવાય. આવો સંપ રાખનારને ગુરુહરિ મહંત સ્વામી મહારાજ બુદ્ધિમાન કહે છે, નહીં તો બુદ્ધુમાન!

અહં - મમત્વ બુદ્ધિ

અહંબુદ્ધિ અને મમત્વબુદ્ધિને ભગવાનની માયા કહી છે. અહં અને મમત્વયુક્ત જેની સમજણ છે તે પ્રાકૃત મતિવાળો અણસમજુ જાણવો.[૪૮]

એ માયાને ટાળવી તે સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત છે. એ માયા ટાળવા ભક્તજને ભગવાનનું માહાત્મ્ય અને આત્મનિષ્ઠા કેળવવી. અને નિત્ય ભગવાનને પ્રાર્થના કરવી કે 'અહં-મમત્વરૂપી માયા થકી રક્ષા કરજો અને તમારે વિષે પ્રીતિ થજો. આપની માયાને તર્યા હોય ને આપની સાથે જેને દૃઢ પ્રીતિ છે તેવા સાધુ સાથે હેત થજો અને તેમના પ્રત્યે મમત્વ થજો.' આ રીતે પ્રાર્થના કરી તેનો શ્રવણ, મનન અને નિદિધ્યાસ કરવો. તો અહં-મમત્વરૂપી માયા જીતવામાં પ્રયાસ નહીં પડે.[૪૯]

કુસંગનો ત્યાગ કરીને ભગવાનની દાસત્વભાવે સેવા કરનાર સંતનો દાસબુદ્ધિથી સંગ કરે તો જીવની દેહ અને દેહના સંબંધીમાં જે પ્રીતિ રૂપ અહં અને મમત્વબુદ્ધિ હોય તો તે નિવૃત્તિ પામે છે અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે.[૫૦]

દેહાત્મબુદ્ધિ

ભગવાન પ્રત્યે અતિ પ્રેમલક્ષણા ભક્તિ હોય, પરંતુ ભક્તિનું, આત્મ-જ્ઞાનનું કે વૈરાગ્યનું હૃદયમાં અભિમાન હોય તો તે કેવળ દેહાત્મબુદ્ધિને જ પુષ્ટ કરે છે. (વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૬)

ભગવાનનો નિશ્ચય દૃઢ હોય, પરંતુ જો ભજન કરનાર દેહાત્મબુદ્ધિ યુક્ત હોય તો તે ભક્તને માથે મોટું વિઘ્ન છે, કારણ કે જે આત્મસત્તારૂપ રહી ન શકે તેને કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરાદિક શત્રુ પીડ્યા વિના રહે જ

૪૮. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૪.

૪૯. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૯.

૫૦. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૮; અમદાવાદ પ્રકરણ ૫.

નહીં. દેહાત્મબુદ્ધિથી ભક્તિ કરનારનું રૂપ સત્સંગમાં ઉઘાડું થયા વિના રહે નહીં. (વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧)

દેહાત્મબુદ્ધિવાળો ભગવાનનો ભક્ત પોતાના આત્માને જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા અને સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહથી પર ન જાણે તો તેનાથી ભગવાનમાં પણ પ્રાકૃતભાવ પરઠાઈ જાય અને મોક્ષમાર્ગમાં વિઘ્ન આવે!

"જેમ રાજા પરીક્ષિત એવો ભક્ત નો'તો તો રાસક્રીડા સાંભળીને શ્રીકૃષ્ણ ભગવાનને વિષે સંશય થયો અને શુકજી જો એવા ભક્ત હતા તો તેને કોઈ જાતનો સંશય થયો જ નહીં."[૫૧]

માટે ભગવાનના ભક્તે દેહાત્મબુદ્ધિનો ત્યાગ કરી આત્મસત્તારૂપે રહી એમ વિચાર કરવો જે, "મારે વિષે કોઈ દોષ અડી શકે નહીં તથા તે દોષ કાંઈ બાધ કરી શકે નહીં, તો જેને ભજને કરીને હું આવો થયો એવા જે ભગવાન તેને વિષે તો કોઈ માયિક દોષ હોય જ કેમ?' એમ દૃઢપણે સમજે."[૫૨] એમ નિરંતર આત્મસત્તા કેળવી ભગવાનમાં વૃત્તિ સ્થિર રાખી ભજન કરે તો તેને કોઈ પ્રકારનું વિઘ્ન બાધ ન કરી શકે. એવા જે ભક્ત છે તેની જ પ્રીતિ ભગવાન અને તેના સંત સાથે ટકી શકે.[૫૩]

વૈરબુદ્ધિ

"ભગવાનના ભક્ત સંગાથે વૈરબુદ્ધિ રાખે તેનું તો કલ્યાણ ન થાય અને જેમ જેમ વૈર કરતો જાય તેમ તેમ તેની બુદ્ધિ ભ્રષ્ટ થતી જાય અને દેહ મૂકે ત્યારે પંચ મહાપાપના કરનારા જે નરકના કુંડમાં પડે, તે પણ તે જ કુંડમાં પડે છે."[૫૪]

રાવણ, કુંભકરણ, કંસ, શિશુપાલ, હિરણ્યકશ્યપુ, હિરણ્યાક્ષ આદિકે ભગવાન સાથે વૈરબુદ્ધિથી ભગવાનનું ચિંતવન કર્યું તો પણ તેમનું કલ્યાણ થયું – એવો શાસ્ત્રમાં ઉલ્લેખ છે. એવા સંજોગમાં ભગવાનની કૃપા સમજવી. વસ્તુતઃ તેઓએ વૈરભાવે આશ્રય કરવાનું ભગવાન પાસેથી એવું વરદાન

---

૫૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૩; ભાગવત, ૧૦/૩૩/૨૭-૪૦.

૫૨. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૩.

૫૩. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૧.

૫૪. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૫.

પામ્યા હતા તેથી જ તેઓ કલ્યાણને પાત્ર બન્યા.[૫૫] વૈરબુદ્ધિથી ભગવાનને ભજવા એ જોખમરૂપ છે, તેથી આ માર્ગનો ત્યાગ કરવો તે જ મુમુક્ષુઓ માટે હિતાવહ છે.

મોક્ષને માટે યત્ન કરનાર જો પોતાના સ્વભાવ અને કામ-ક્રોધાદિક અંતઃશત્રુ સાથે વૈરબુદ્ધિ રાખે તો તેના શત્રુમાત્ર ટળી જાય. આવી વૈરબુદ્ધિ અથવા શત્રુપણાનો વિચાર સર્વ વિચારોમાં શ્રેષ્ઠ છે.[૫૬] પંચવિષયના અભાવથી તેને માટે વૈરબુદ્ધિ ઊપજે. પછી જેની સાથે વૈર થયું હોય તેની સાથે કોઈ પણ પ્રકારે પ્રીત થાય જ નહીં. બુદ્ધિવાન હોય તો તે પોતાના કલ્યાણને માટે મન સાથે વૈર બાંધે. ને મનને જીતે તો તેનું શ્રેય નિશ્ચિત છે, પરંતુ તેનાથી હારે તો પણ તે યોગભ્રષ્ટ થાય છે, તેમાં તે સારું પરિણામ પ્રાપ્ત કરે છે.[૫૭] આવી રીતે પંચવિષયનો જેને મનમાંથી અભાવ હોય તેને જિતેન્દ્રિયપુરુષ કહેવાય છે.

તુચ્છબુદ્ધિ

જે તુચ્છ બુદ્ધિવાળા છે તે તો જેમ કૂતરો સૂકા હાડકાને એકાંતમાં લઈ કરડે કે ચાટે પણ તેને કોઈ પ્રકારનો સ્વાદ નથી આવતો, તેમ મૂર્ખ જીવ દુઃખમાં સુખ માનીને ભગવાન કરતાં પણ અલ્પ પદાર્થમાં અધિક પ્રીતિ કરે છે પરંતુ તેમ કરવાથી શાશ્વત સુખથી વંચિત રહે છે.[૫૮]

જેની મતિ સ્ત્રી, મેડી, તુંબડી કે પાત્ર જેવા પદાર્થમાં આસક્ત થાય તે ગૃહસ્થ અથવા ત્યાગીને તુચ્છબુદ્ધિવાળા જાણવા. તેમનામાં સંત જેવી સામર્થી કે સ્થિતપ્રજ્ઞતા કદી આવતી નથી.[૫૯]

જે ભગવાનને કર્તા, સાકાર અને સર્વોપરી નથી સમજતો અને પોતાના સાધનને બળેથી પોતાનું કલ્યાણ ઇચ્છે, પરંતુ ભગવાનની સામર્થીને નથી સમજતો તે જીવ નાવ વિના પોતાના બાહુબળે કરીને સમુદ્ર તરવાને ઇચ્છે

---

૫૫. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૫.

૫૬. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૫.

૫૭. વચનામૃત વરતાલ પ્રકરણ ૧, ૧૭.

૫૮. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૭.

૫૯. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૭.

તેવો મૂર્ખ અને જડમતિવાળો જાણવો.[૬૦]

દૈવી અને આસુરી બુદ્ધિ

વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૪માં અયોધ્યાપ્રસાદજીએ પ્રશ્ન પૂછ્યો :

"એકની તો બુદ્ધિ પણ ઘણી હોય ને શાસ્ત્રમાં પણ બહુ દૃષ્ટિ પૂગતી હોય, અને બીજો છે તેની તો બુદ્ધિ પણ થોડી હોય ને શાસ્ત્રમાં પણ ઝાઝું જાણતો ન હોય; અને ઘણી બુદ્ધિવાળો હોય તે સત્સંગમાંથી વિમુખ થઈ જાય છે અને થોડી બુદ્ધિવાળો હોય તે દૃઢ થકો સત્સંગમાં રહે છે, તેનું શું કારણ છે ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ સંસારને વિષે દૈવી ને આસુરી બે પ્રકારના જીવ છે; તેમાં આસુરી જીવ હોય તેને ઝાઝી બુદ્ધિ હોય તો પણ સત્સંગમાંથી વિમુખ જ થાય અને દૈવી જીવ હોય ને તેને થોડી બુદ્ધિ હોય તો પણ કોઈ કાળે સત્સંગમાંથી વિમુખ ન થાય."

"બુદ્ધિ ઘણી હોય પરંતુ આ જન્મે અથવા કોઈ જન્માંતરને વિષે કોઈક મોટા ભગવાનના ભક્તનો અપરાધ કર્યો હોય તો તે પાપે કરીને એની બુદ્ધિ દોષયુક્ત થઈ જાય છે. માટે એને હરિભક્તના દોષ સૂઝે છે ને પોતાના દોષ સૂઝતા નથી."[૬૧]

"...જેને અવળી બુદ્ધિ હોય તેને અવળું જ સૂઝે. જેમ શિશુપાળ એમ જ કહેતો જે, 'પાંડવ તો વર્ણસંકર છે ને પાંચ જણે એક સ્ત્રી રાખી માટે અધર્મી પણ છે. અને કૃષ્ણ છે તે પણ પાખંડી છે; કેમ જે, જન્મ થયો ત્યાંથી પ્રથમ તો એણે એક સ્ત્રી મારી, ત્યાર પછી બગલો માર્યો, વાછડો માર્યો, અને મધના પૂડા ઉખેડ્યા તેણે કરીને એને મધુસૂદન કહે છે પણ એણે કાંઈ મધુ નામે દૈત્ય માર્યો નથી, ને વર્ણસંકર એવા જે પાંડવ તેણે પૂજ્યો તેણે કરીને શું એ ભગવાન થયો ?" આવી રીતે શિશુપાળની જેમ ભગવાન અને ભગવાનના ભક્તનો અવગુણ લે તેને આસુરી બુદ્ધિવાળો જાણવો.[૬૨]

ભગવાન સ્વામિનારાયણ એક સાદા ઉદાહરણથી દૈવી અને આસુરી જીવના ભેદને સમજાવે છે. જેમ મરચાંના, લીંબડાના કે શિંગડિયા વછનાગના

૬૦. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૭.

૬૧. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૬.

૬૨. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૧.

બીજને સાકરનું પાણી સિંચન કરવામાં આવે તો પણ મરચાં તીખાં જ થાય, લીંબડો કડવો જ રહે તથા શિંગડિયો વછનાગ ઝેરી જ રહે આમ તે તે બીજ પોતાનો ગુણધર્મો છોડતાં નથી. તેથી વિપરીત શેરડીને લીંબડાનાં પાનનું ખાતર તથા કડવા પાણીના સિંચનથી શેરડીની મીઠાશ જતી નથી. તેવી જ રીતે દૈવી અને આસુરી જીવ ભૂંડા કે સારા દેશકાળમાં પોતાના સ્વભાવ છોડતા નથી. દૈવી ભગવાન સન્મુખ જ રહે અને આસુરી વિમુખ જ રહે.[૬૩]

"આસુરી જીવ તો દૈવી ન જ થાય; કેમ જે, એ તો જન્મથી જ આસુરભાવે યુક્ત છે. અને જો કોઈક રીતે કરીને આસુરી જીવ સત્સંગમાં આવી પડ્યો તો પણ આસુરભાવ તો ટળે નહીં. પછી સત્સંગમાં રહ્યો થકો જ જ્યારે શરીરને મૂકે ત્યારે બ્રહ્મને વિષે લીન થાય ને વળી પાછો નીકળે. એમ અનંત વાર બ્રહ્મમાં લીન થાય ને પાછો નીસરે ત્યારે એનો આસુરભાવ છે તે નાશ પામે, પણ તે વિના તો આસુરભાવ નાશ પામે નહીં."[૬૪]

દૈવી અને આસુરી જીવનાં લક્ષણ જણાવતાં શ્રીહરિ કહે છે :

"દૈવી જીવ હોય તેને કામ, ક્રોધ, લોભાદિક દોષ હોય તે ભૂંડાં દેશકાળાદિકને યોગે કરીને હોય; પછી સારાં દેશકાળાદિકનો યોગ થાય તો થોડેક કાળે કરીને નાશ થઈ જાય. અને આસુરી જીવને જે કામ, ક્રોધ, લોભાદિક દોષ હોય તે કોઈ કાળે નાશ થાય નહીં. અને તેને એક વાર જો કાંઈક કઠણ વચન કહ્યું હોય તો જીવે ત્યાં સુધી ભૂલે નહીં. અને તે આસુરી જીવ જો સત્સંગી થયો હોય તો સૌ કરતાં સરસ હરિભક્ત જણાય, પણ જેમ ભાલ દેશમાં મોરે સમુદ્ર હતો તે કાંપ જમાઈને મીઠી પૃથ્વી થઈ છે, તે જ્યાં સુધી કાંપ હોય ત્યાં સુધી જો ખોદીએ તો પાણી મીઠું નીસરે અને તેથી જો હેઠું ખોદીએ તો સમુદ્રના જેવું ખારું ઝેર પાણી નીસરે; તેમ આસુરી જીવ હોય તે હરિભક્ત થયો હોય ને એનું ગમતું મરડીને લગારેક છેડ્યો હોય તો જેટલી મોરે સાધુની સેવા કરી હોય તેથી લાખ ઘણો દ્રોહ કરે તો પણ મનમાં સંતોષ ન થાય."[૬૫]

"એક ક્રોધ, બીજું માન, ત્રીજી ઈર્ષ્યા, ચોથું કપટ એ ચાર વાનાં પરમેશ્વર

---

૬૩. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૪.

૬૪. વચનામૃત વરતાલ પ્રકરણ ૭.

૬૫. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૪.

સાથે તથા સંત સાથે રાખે નહીં, તો કોઈ દિવસ એની આસુરી બુદ્ધિ થાય નહીં. અને એ ચાર વાનાં માંહેલું એકે જો રાખે તો જેમ જય-વિજય ઘણાય ડાહ્યા હતા પણ સનકાદિક સંગાથે માને કરીને વૈકુંઠલોકમાંથી પડી ગયા ને આસુરી બુદ્ધિ થઈ, તેમ તેની પણ આસુરી બુદ્ધિ થાય. અને જ્યારે આસુરી બુદ્ધિ થાય ત્યારે ભગવાન તથા ભગવાનના ભક્તના જે ગુણ હોય તે દોષ સરખા ભાસે છે. અને એ જ્યાં જ્યાં જન્મ ધરે ત્યાં ત્યાં... કોઈ દૈત્યનો રાજા થાય અને વૈરભાવે પરમેશ્વરનું ભજન કરે."[૬૬]

કોઈમાં થોડી બુદ્ધિ હોય પણ જો સત્સંગીનો ગુણ લે અને પોતાનો અવગુણ લે તો તે દિવસે દિવસે સત્સંગમાં વૃદ્ધિ પામતો જાય છે અને તે વિના ઝાઝી બુદ્ધિ હોય તો પણ સત્સંગમાંથી પાછો હઠતો જાય અને અંતે નિશ્ચય વિમુખ થાય.[૬૭] એવી જેની બુદ્ધિ હોય તેને આસુરી જીવ જાણવો. તે સત્સંગમાં હોય તો પણ કાળનેમિ, રાવણ અને રાહુ જેવો રહે પરંતુ સત્સંગનો રંગ તેને લાગે નહીં.[૬૮]

પ્રત્યક્ષ ભગવાનની પ્રાપ્તિથી કૃતાર્થતા અનુભવી, ભગવાનની આજ્ઞામાં રહીને જે ભક્તિ કરે છે એવા જે હરિભક્ત હોય તેનો કાંઈક દેહસ્વભાવ જોઈને અવગુણ લેવાના સ્વભાવથી જીવની આસુરી બુદ્ધિ થાય છે.[૬૯]

જેને પૂર્વે મોટાપુરુષનો સંગ હશે અથવા ભગવાનનું દર્શન થયું હશે, તેને તો પોતાના જ અવગુણ ભાસે પણ બીજા હરિભક્તના અવગુણ ભાસે જ નહીં, અને એવાં જેનાં લક્ષણ હોય તેને દૈવી જીવ જાણવો.[૭૦]

દૂષિત બુદ્ધિ

કોઈ પુરુષમાં બુદ્ધિ ઘણી હોય પણ તે કલ્યાણને માર્ગે ચાલી શકતો નથી અને કેટલાકમાં લૌકિક દૃષ્ટિએ બુદ્ધિ ઓછી હોય તો પણ તે કલ્યાણનું જતન કરે છે તેનું કારણ દર્શાવતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે:

૬૬. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૫.

૬૭. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૬.

૬૮. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૪.

૬૯. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૧.

૭૦. વચનામૃત વરતાલ પ્રકરણ ૭.

"જેમ સુંદર ભેંસનું દૂધ હોય તેમાં સાકર ઘોળી હોય ને તેમાં સર્પની લાળ પડી એટલે એ સાકર ને દૂધ હતું તે ઝેર થયું, પછી તેને જે પીએ તેના પ્રાણ જાય; તેમ બુદ્ધિ તો ઝાઝી છે પણ એણે કોઈ મોટા સંતનો અથવા પરમેશ્વરનો અવગુણ લીધો છે, તે અવગુણરૂપ દોષ એની બુદ્ધિમાં આવ્યો છે, તે સર્પની લાળ સરખો છે, માટે એ તો કલ્યાણને માર્ગે ક્યાંથી ચાલે ? પણ જો કોઈક એના મુખની વાત સાંભળે તો તે સાંભળનારાની બુદ્ધિ પણ સત્સંગમાંથી પાછી પડી જાય છે. અને એવી દૂષિત બુદ્ધિવાળો જ્યાં જ્યાં જન્મ ધરે ત્યાં ત્યાં ભગવાનનો અથવા ભગવાનના ભક્તનો દ્રોહ જ કરે. અને જેની બુદ્ધિ એવી રીતે દૂષિત ન હોય ને તે જો થોડી જ હોય તો પણ તે પોતાના કલ્યાણને અર્થે જતન કરતો થકો પાછો પડતો નથી."[૭૧]

દૂષિત બુદ્ધિવાળો કોઈ કાળે ભગવાન સન્મુખ થાય જ નહીં. શ્રીહરિ કહે છે :

"જેમ હડકાયા શ્વાનની લાળ જેને અડે તેને પણ હડકવા હાલે; તેમ જેને ભગવાન ને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તે સાથે જે હેત રાખે અથવા તેની વાત સાંભળે, તો તે હેતનો કરનારો ને વાતનો સાંભળનારો પણ વિમુખ સરખો થાય... જેમ (કોઈને) ક્ષયરોગ થયો હોય તે કોઈ ઔષધે કરીને મટે જ નહીં, તેમ જેને ભગવાન અને ભગવાનના ભક્તનો અવગુણ આવ્યો હોય તેના હૃદયમાંથી ક્યારેય આસુરી મતિ ટળે નહીં. અને અનંત બ્રહ્મહત્યા કરી હોય... ને અનંત સ્ત્રીહત્યા કરી હોય ને અનંત ગૌહત્યા કરી હોય ને અનંત ગુરુસ્ત્રીનો સંગ કર્યો હોય તેનો પણ કોઈ કાળે છૂટકો થાય ને શાસ્ત્રમાં તે પાપ છૂટ્યાના ઉપાય પણ કહ્યા છે, પણ ભગવાન ને ભગવાનના ભક્તના અવગુણ લેવાવાળાને કોઈ શાસ્ત્રમાં એ પાપ છૂટ્યાનો ઉપાય કહ્યો નથી."[૭૨]

"દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતાનું ધ્યાન, દીક્ષા અને શાસ્ત્ર... એ આઠ ભૂંડાં હોય તો પુરુષની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે."[૭૩] પરંતુ દેશ, કાળ, ક્રિયા અને સંગ અતિ પવિત્ર હોય પણ જો જીવે પૂર્વ જન્મ કે આ જન્મમાં કોઈ મોટું

---

૭૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૫.

૭૨. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૨.

૭૩. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮.

પાપ કર્યું હોય કે ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો હોય તો તેની બુદ્ધિ મલિન થઈ જાય છે.[૭૪]

નિષ્કુળાનંદ સ્વામીએ આ વાતની ચોસઠપદીમાં પુષ્ટિ કરી છે:

'મોક્ષ મારગે દીધાં કમાડ, કડી જડી બારણે.'[૭૫] એવી મલિન બુદ્ધિવાળા જીવ માટે મોક્ષનાં દ્વાર હંમેશ માટે બંધ થઈ જાય છે.

"...પંચવિષયને સમજ્યા વિના જે ભોગવશે અને સાર-અસારનો વિભાગ નહીં કરે અને તે નારદ-સનકાદિક જેવો હશે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે, તો જે દેહાભિમાની હોય અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું? તે સારુ એ પંચ ઇન્દ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાશે."[૭૬]

સારંગપુરના બીજા વચનામૃતમાં પણ પંચ ઇન્દ્રિયોને જગતના પંચ-વિષયમાં મોકળી મૂકનારની બુદ્ધિ અતિશય ભ્રષ્ટ થાય છે તે વાત શ્રીહરિએ વિસ્તૃત રીતે કહી છે.

શાપિત બુદ્ધિ

મોટા સંત કે કોઈ ગરીબને દુઃખવ્યા હોય અથવા માતા-પિતાની સેવા ન કરી હોય, તે માટે એમણે શાપ આપ્યો હોય તે કારણે જીવની બુદ્ધિ શાપિત થઈ જાય છે. એવા શાપિત બુદ્ધિવાળાને ભગવાનનો નિશ્ચય હોવા છતાં પણ ભગવાન અને સંતનો ગુણ-અવગુણ આવ્યા કરે અને સત્સંગનું યથાર્થ સુખ નથી આવતું.[૭૭]

દ્રોહબુદ્ધિ

ભગવાન સ્વામિનારાયણે અનેક વચનામૃતમાં જીવાદોરી સમાન ભગવાન અને ભગવાનના ભક્તના મહિમાની વાત કરી છે. એમના પ્રત્યે દ્રોહબુદ્ધિથી જીવો મોક્ષમાર્ગમાંથી સદંતર પડી જાય છે.

"બીજા સર્વે અપરાધ માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે

---

૭૪. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૫.

૭૫. ચોસઠપદી, ૫દ-૭.

૭૬. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮.

૭૭. વચનામૃત કારિયાણી પ્રકરણ ૨.

એ અપરાધને ભગવાન માફ નથી કરતા; માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહીં.''[૭૮]

''અને ભગવાન પોતાના ભક્તના દ્રોહના કરનારા ઉપર જેવા કુરાજી થાય છે ને દુખાય છે, તેવા કોઈ પાપે કરીને દુખાતા નથી. અને જ્યારે વૈકુંઠલોકમાં જય-વિજયે સનકાદિકનું અપમાન કર્યું ત્યારે ભગવાન તત્કાળ સનકાદિક પાસે આવ્યા ને સનકાદિક પ્રત્યે એમ બોલ્યા જે, 'તમારા જેવા સાધુ છે તેનો જે દ્રોહ કરે તે તો મારા શત્રુ છે. માટે તમે જય-વિજયને શાપ દીધો એ બહુ સારું કર્યું. અને તમારા જેવા ભગવદીય બ્રાહ્મણ તેનો તો જો મારો હાથ દ્રોહ કરે તો તે હાથને પણ હું કાપી નાંખું, તો બીજાની શી વાત કહેવી?' એવી રીતે વૈકુંઠનાથ ભગવાન સનકાદિક પ્રત્યે બોલ્યા. ને જય-વિજય હતા તે ભગવદીયના અપરાધરૂપી જે પાપ તેણે કરીને દૈત્ય થયા. એવી રીતે જેણે ભગવાનના ભક્તનો દ્રોહ કર્યો છે તે સર્વે મોટી પદવીમાંથી પડી ગયા છે, તે શાસ્ત્રમાં વાત પ્રસિદ્ધ છે. માટે જેને પોતાનું રૂડું ઇચ્છવું તેણે ભગવાનના ભક્તનો દ્રોહ કરવો નહીં ને જો જાણે-અજાણે કાંઈક દ્રોહ થઈ ગયો હોય તો પગે લાગી સ્તુતિ કરીને જેમ તે રાજી થાય તેમ કરવું.''[૭૯]

''...અને આ સંસારમાં પંચ મહાપાપના કરનારાનો કોઈ દિવસ છૂટકો થાય પણ ભગવાનના ભક્તના દ્રોહના કરનારાનો કોઈ દિવસ છૂટકો થતો નથી. માટે ભગવાનના ભક્તની જે સેવા કરવી તે બરોબર કોઈ પુણ્ય નથી ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો તે બરોબર કોઈ પાપ પણ નથી.''[૮૦]

શ્રીહરિ કહે છે:

''અમારો તો એવો સ્વભાવ છે જે, એક તો ભગવાન ને બીજા ભગવાનના ભક્ત ને ત્રીજા બ્રાહ્મણ ને ચોથો કોઈક ગરીબ મનુષ્ય એ ચારથી તો અમે અતિશય બીએ છીએ જે, 'રખે એમનો દ્રોહ થઈ જાય નહીં!' અને એવા તો બીજા કોઈથી અમે બીતા નથી. કેમ જે, એ ચાર વિના બીજાનો કોઈક દ્રોહ કરે તો તેના દેહનો નાશ થાય પણ જીવ નાશ પામે નહીં, અને એ ચારમાંથી એકેનો જો દ્રોહ કરે તો તેનો જીવ પણ નાશ પામી જાય છે.''[૮૧]

---

૭૮. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૧.

૭૯. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૨.

૮૦. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬૩.

૮૧. વચનામૃત વરતાલ પ્રકરણ ૧૧.

"...ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કર્યાથી તો જીવનો પણ નાશ થઈ જાય છે. ત્યારે કોઈ કહેશે જે, 'જીવનો નાશ કેમ થતો હશે?' તો ત્યાં દૃષ્ટાંત : જેમ હીજડો હોય તે પુરુષ પણ ન કહેવાય ને સ્ત્રી પણ ન કહેવાય, એ તો કેવળ વૃંદલ કહેવાય. તેમ જે ભગવાન ને ભગવાનના ભક્તના દ્રોહનો કરનારો હોય તેનો જીવ પણ એવો નકારો થઈ જાય જે, કોઈ દિવસ પોતાના કલ્યાણના ઉપાયને કરી જ શકે નહીં; માટે એનો જીવ નાશ થઈ ગયો જાણવો. એમ જાણીને ભગવાન ને ભગવાનના ભક્તનો દ્રોહ કરવો જ નહીં."[૮૨]

જે ભગવાનના ભક્તમાં કુદૃષ્ટિ રાખે તે અતિશય પાપી બની જાય છે. તે પાપને પંચમહાપાપથી પણ મોટું પાપ કહ્યું છે. તે વજ્રલેપ પાપમાંથી કદી છૂટકો થતો નથી. ભક્તોમાં દોષબુદ્ધિ રાખવાથી તેની સાથે વૈર બંધાઈ જાય છે. ભક્તોમાં રાખેલી દોષબુદ્ધિ દ્રોહબુદ્ધિમાં પરિવર્તિત થાય છે. આવી પરિપક્વ દ્રોહબુદ્ધિથી જીવને રાક્ષસનો દેહ પ્રાપ્ત થાય છે. સનકાદિકના દ્રોહથી ભગવાનના દ્વારપાલ જય અને વિજય પણ દૈત્ય થયા અને ભગવાનના કુરાજીપાના પાત્ર બન્યા. માટે રસિક ભક્તે આ પ્રકારની દોષબુદ્ધિ સર્વથા ત્યાગવી હિતાવહ છે.[૮૩]

---

૮૨. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૨.

૮૩. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ૩; ગઢડા અંત્ય પ્રકરણ ૨૨.

બુદ્ધિશાળી કોણ?

આ વિશ્વના દરેક ક્ષેત્રમાં મનુષ્યો અનેરું સંશોધન કરી પોતપોતાની બુદ્ધિની શ્રેષ્ઠતા પુરવાર કરવા પ્રયત્ન કરે છે.

એક લોખંડના ટુકડામાંથી અલ્પ મૂલ્યવાન ખીલીનું નિર્માણ કરી શકાય અને એ જ ટુકડામાંથી કોઈ મશીનરીનો મોંઘો ભાગ બનાવી શકાય. બુદ્ધિનું પણ એવું જ છે. બુદ્ધિથી ભૌતિક ક્ષેત્રે અનેક ચમત્કાર સર્જી શકાય અને એ જ બુદ્ધિ આધ્યાત્મિક ક્ષેત્રે માયાના બંધનમાંથી જીવને મુક્ત કરી પરમ પદને અપાવી શકે! પરંતુ જગતમાં આત્યંતિક કલ્યાણ ગૌણ થઈ ગયું છે. કલ્યાણના સિદ્ધાંતોને નેવે મુકી બુદ્ધિજીવીઓ નવા નવા વિક્રમસર્જક સિદ્ધાંતો પ્રસ્થાપિત કરી ગૌરવ અનુભવે છે, પરંતુ એ સિદ્ધાંતો મોક્ષને માર્ગે કેટલા હાસ્યાસ્પદ હોય છે!

એક સામાન્ય દાખલો લઈએ ૨ + ૫ × ૭ = ? ઉત્તર દેખીતો છે ૪૯! પરંતુ આ ઉત્તર સત્યથી એકદમ વેગળો છે. સાચો ઉત્તર છે ૩૭! 'BODMAS'ના વૈશ્વિક નિયમ મુજબ, પ્રસ્તુત પ્રશ્નમાં પ્રથમ ગુણાકાર અને પછી વત્તાને પ્રાધાન્ય અપાય છે! જો આ નિયમનું જ્ઞાન ન હોય તો મોટો ગણિતશાસ્ત્રી પણ ગોથાં ખાઈ જાય.

તેમ આત્મ-કલ્યાણના સિદ્ધાંતને ભૂલી ભૌતિક પ્રગતિ કરવી એ બુદ્ધિનું દેવાળું જ કહેવાય!

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં અનેક સ્થળે બુદ્ધિમાનની વ્યાખ્યા કરી છે, તેનો સંગ્રહ પ્રસ્તુત પ્રકરણમાં કર્યો છે.

કલ્યાણનું જતન કરે તે કુશાગ્રબુદ્ધિવાળો

ભગવાન સ્વામિનારાયણ કહે છે :

"કેટલાક તો વ્યવહારમાં અતિ ડાહ્યા હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહીં તથા કેટલાક શાસ્ત્ર, પુરાણ, ઈતિહાસ તેના અર્થને સારી પેઠે જાણતા હોય તો પણ પોતાના કલ્યાણને અર્થે કાંઈ જતન કરે નહીં; માટે એને કુશાગ્રબુદ્ધિવાળા ન જાણવા, એને તો જાડી બુદ્ધિવાળા જાણવા. અને જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તો પણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે અને જે જગત-વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તો પણ તે જાડી બુદ્ધિવાળો છે."[૮૪]

શ્રીજીમહારાજે વચનામૃતમાં વ્યવહારમાં અબુધ જેવા જણાતા મૂળજી બ્રહ્મચારી અને રતનજીને ડાહ્યા કહ્યા કારણ કે તેમને ભગવાન અને સંતને રાજી કરવાની આવડત હતી. (વચનામૃત અમદાવાદ પ્રકરણ ૩)

યા નિશા સર્વભૂતાનાં તસ્યાં જાગર્તિ સંયમી।
યસ્યાં જાગ્રતિ ભૂતાનિ સા નિશા પશ્યતો મુનેઃ॥[૮૫]

ભગવદ્‌ગીતાનો ઉપરોક્ત શ્લોક ટાંકીને શ્રીહરિ કહે છે :

"ભગવાનનું ભજન કરવું તેમાં તો સર્વ જગતના જીવની બુદ્ધિ રાત્રિની પેઠે અંધકારે યુક્ત વર્તે છે કહેતાં ભગવાનનું ભજન નથી કરતા; અને જે જે ભગવાનના ભક્ત છે તે તો તે ભગવાનના ભજનને વિષે જાગ્યા છે કહેતાં નિરંતર ભગવાનનું ભજન કરતાં થકાં વર્તે છે. અને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જે પંચવિષય તેને વિષે જીવમાત્રની બુદ્ધિ જાગ્રત વર્તે છે, કહેતાં વિષયને ભોગવતાં થકાં જ વર્તે છે; અને જે ભગવાનના ભક્ત છે તેની બુદ્ધિ તો તે વિષયભોગને વિષે અંધકારે યુક્ત વર્તે છે, કહેતાં તે વિષયને ભોગવતા નથી. માટે એવી રીતે જે પોતાના કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે તે જ કુશાગ્રબુદ્ધિવાળા છે અને તે વિના તો સર્વ મૂર્ખ છે."[૮૬]

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ વ્યવહાર ગૌણ કરી કેવળ કલ્યાણનું

---

૮૪. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૦.

૮૫. ગીતા, ૨/૬૯.

૮૬. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૦.

જતન કરનાર વડોદરાના નાથ ભક્તને ડાહ્યા કહ્યા અને કલ્યાણને ગૌણ કરી સિંધિયા, હોલકર અને ગાયકવાડનો કુશળ વ્યવહાર કરનાર દીવાનજીને મૂર્ખ કહ્યા. સ્વામી કહે છે: "...વ્યવહાર છે તે તો તાજખાના જેવો છે, તે તો સુધર્યો તોપણ બગડેલો જ છે, તેમાં કાંઈ સાર નથી."[૮૭]

"મહારાજ કહે, 'અમને બુદ્ધિવાળો ગમે છે, કેમ જે, એને સત્ય-અસત્યનો વિવેક આવડે ને કાર્યાકાર્ય, ભયાભય, બંધ, મોક્ષ એને જાણે જે, આ કરવું, ને આ ન કરવું ને આમાંથી બંધન થાશે ને આમાંથી મોક્ષ થાશે.'"[૮૮]

ભગવાનના સુખનો મહિમા સમજે તે બુદ્ધિવાન

બુદ્ધિમાન કેવા વિચારોથી ભગવાનનો મહિમા સમજે છે – એ વાત શ્રીહરિએ વચનામૃત પંચાળા પ્રકરણ ૧માં વિવિધ દૃષ્ટાંતો આપી સુંદર રીતે નિરૂપી છે:

"જેમ કોઈક ભારે શાહુકાર હોય, તે રસ્તાને બેય કોરે છાયાને અર્થે ઝાડ રોપાવે છે તથા પાણીની પરબ બંધાવે છે તથા સદાવ્રત કરાવે છે તથા ધર્મશાળા કરાવે છે તે ગરીબ સારું કરાવે છે; તેમ... મનુષ્યના સુખને અર્થે ઉત્તમ એવા પંચવિષય તે ભગવાને રચ્યા છે. અને જેમ શાહુકારે સદાવ્રત, ધર્મશાળાદિકમાં સુખ જેવાં રાંકને અર્થે રચ્યાં છે તે કરતાં તે શાહુકારના ઘરમાં સુખ તે અતિશય ઉત્તમ હશે એમ જણાય છે; એમ એ ભગવાને બ્રહ્માદિકને અર્થે એવાં સુખ રચ્યાં છે તો પોતાના ધામમાં તો એ કરતાં અતિ ઉત્તમ સુખ હશે, એમ બુદ્ધિવાળો હોય તેને જાણ્યામાં આવે છે."

આમ, ભગવાનના ધામના સુખનું અતિશયપણું જાણે તો જગતના જે ઉત્તમ પંચવિષય પણ ભૂંડા થઈ જાય. વળી, સંસારમાં જે પશુ, મનુષ્ય, દેવતા, પંચભૂત વગેરેમાં જે કાંઈ સુખ છે તે ભગવાનના અલ્પ સંબંધથી જ છે એમ જાણે. જેમ કોઈ મશાલ હોય તેની અતિ સમીપમાં પ્રકાશ વધારે દેખાય, પરંતુ જેમ જેમ દૂર જઈએ તેમ તેમ પ્રકાશની માત્રા ઓછી થતી જાય. એવી જ રીતે સંપૂર્ણ સુખ ભગવાનમાં રહ્યું છે પરંતુ જેમ જેમ ભગવાનના સંબંધની માત્રા ઓછી થતી જાય તેમ તેમ સુખની માત્રામાં પણ ન્યૂનતા અને દુઃખમાં વધારો

---

૮૭. સ્વામીની વાતો ૨/૨૩.

૮૮. સ્વામીની વાતો ૬/૬૨.

અનુભવાય.

"માટે જે મુમુક્ષુ હોય તે પોતાના હૃદયમાં એમ વિચારે જે, 'જેટલું મારે ભગવાનથી છેટું થશે તેટલું દુઃખ થશે અને મહાદુખિયો થઈશ. અને થોડેક ભગવાનને સંબંધે કરીને એવું સુખ થાય છે, માટે મારે ભગવાનનો સંબંધ અતિશય રાખવો છે અને હું અતિ સંબંધ રાખીશ તો મારે ઉત્કૃષ્ટ સુખની પ્રાપ્તિ થશે.' એમ વિચારીને અને ભગવાનના સુખનો લોભ રાખીને જેમ ભગવાનનો સંબંધ અતિશય રહે તેમ ઉપાય કરે, તેને બુદ્ધિવાન કહીએ."

તૈત્તિરીયોપનિષદના આનંદવલ્લીના આઠમા અનુવાકમાં જેમ સુખની મીમાંસા વર્ણવી છે તેવી જ રીતે પ્રકારાન્તરે શ્રીહરિ સુખની મીમાંસા કહે છે:

"પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતાં રાજાનું સુખ અધિક છે ને તેથી ઇન્દ્રનું અધિક છે ને તેથી બૃહસ્પતિનું ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ તે અધિક છે અને તેથી ભગવાનના અક્ષરધામનું સુખ અતિ અધિક છે."

એવી રીતે ભગવાનના સુખને અતિશય જાણીને બીજાં જે જે પંચ-વિષયનાં સુખ તેને વિષે બુદ્ધિવાનને તુચ્છતા થઈ જાય છે.

જેમ કોઈ અતિ ધનાઢ્ય પાસે કોઈ અતિ ગરીબ ઠીકરું લઈ ભીખ માંગે તેવું ભગવાનના સુખ આગળ બ્રહ્માદિકનું સુખ છે. પારાશર્યસંહિતામાં ભગવાનના ઐશ્વર્યનું સર્વથી અધિક આધિપત્ય કહ્યું છે. જેમ રાજા આગળ ચાકર હોય તેમ ભગવાન આગળ બ્રહ્માદિક દેવો, અવતારો અને વ્યૂહોને ચાકર સમાન ગણાવ્યા છે. આવા વિચારને પામનારને રમણીય પંચવિષયમાંથી વૃત્તિ પાછી ખેંચવી અતિ કઠણ ન પડે.

"જેમ કોડી કરતાં પૈસામાં વધુ માલ છે ને તેથી રૂપિયામાં વધુ માલ છે ને તેથી સોનામહોરમાં વધુ માલ છે ને તેથી ચિંતામણિમાં વધુ માલ છે, તેમ જ્યાં જ્યાં પંચવિષયનું સુખ છે તેથી ભગવાનના ધામમાં ભગવાનનું સુખ અતિ અધિક છે. માટે જે બુદ્ધિવાળો હોય ને જેની દૃષ્ટિ પૂગે તેને આ વિચાર હૃદયમાં ઠરે છે. અને આ વિચાર જેના હૃદયમાં દૃઢ ઠર્યો હોય ને તે વનમાં બેઠો હોય તો પોતાને એમ જાણે જે, 'હું અનંત માણસ તથા રાજ્યસમૃદ્ધિએ વીંટાણો છું,' એમ સમજે, પણ દુખિયો ન માને. અને ઇન્દ્રના લોકમાં હોય તો જાણે જે, 'વનમાં બેઠો છું,' પણ તે ઇન્દ્રના લોકના સુખે કરીને સુખિયો ન

માને, તે સુખને તુચ્છ જાણે. તે સારુ આ વિચારને રાખીને એમ સર્વે નિશ્ચય રાખજ્યો જે, 'હવે તો ભગવાનના ધામમાં જ ઠેઠ પૂગવું છે, પણ વચમાં કોઈ ઠેકાણે તુચ્છ જે પંચવિષય સંબંધી સુખ તેમાં લોભાવું નથી.' એવી રીતે સૌ દઢ નિશ્ચય રાખજ્યો. અને આ તો જે અમારો સિદ્ધાંત છે તે તમને સર્વેને કહ્યો છે, માટે દઢ કરીને રાખજ્યો.''

માહાત્મ્યરૂપી ખટાઈનો ઈન્દ્રિયો અને મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર પર કેવો પ્રભાવ પડે છે તે નિરૂપતાં ભગવાન સ્વામિનારાયણ કહે છે:

''જેમ લીંબુની એક ચિર્ય ચૂસી હોય તો થોડા થોડા દાંત અંબાય, પણ હળવા હળવા ચણા ચવાય ખરા; ને જો આખું લીંબુ ચૂસ્યું હોય તો ચણા ચવાય નહીં ને મગનો દાણો પરાણે પરાણે ચવાય; અને જો ઘણાં લીંબુ ચૂસ્યાં હોય તો રાંધેલો ભાત પણ ચવાય નહીં. તેમ ભગવાનનો નિશ્ચય અને માહાત્મ્યરૂપી જેને ખટાઈ ચડી હોય તેની ચાર અંતઃકરણ ને દસ ઈન્દ્રિયોરૂપ જે ડાઢ્યો તે સર્વે અંબાઈ જાય છે; ત્યારે એ જીવ મનરૂપ પોતાની ડાઢ્યે કરીને વિષયના સંકલ્પરૂપી ચણાને ચાવવાને સમર્થ થતો નથી, તેમ જ ચિત્તરૂપ પોતાની ડાઢ્યે કરીને વિષયનું ચિંતવન કરવા સમર્થ થતો નથી, તેમ જ બુદ્ધિ-રૂપ પોતાની ડાઢ્યે કરીને નિશ્ચય કરવા સમર્થ થતો નથી, તેમ જ અહંકારરૂપ પોતાની ડાઢ્યે કરીને વિષય સંબંધી અભિમાન કરવા સમર્થ થતો નથી, તેમ જ પંચ જ્ઞાનઈન્દ્રિયો ને પંચ કર્મઈન્દ્રિયોરૂપ જે ડાઢ્યો છે તે ડાઢ્યે કરીને તે તે ઈન્દ્રિયોના વિષયરૂપ જે ચણા તેને ચાવવાને સમર્થ થતો નથી.''[૮૯]

જ્યારે ભક્તની દસ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણ ભગવાનના સ્વરૂપમાં જોડાઈ જાય ત્યારે તે ભક્તને અષ્ટાંગયોગ વગર સાધ્યે સધાઈ રહ્યો છે.[૯૦]

શ્રીહરિ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૪માં લીંબડાનું દૃષ્ટાંત આપી ભગવત્સ્વરૂપને સમજાવતાં કહે છે:

''જેમ આ લીંબડાનું વૃક્ષ છે તે એક વાર જાણી લીધું છે, પછી કોઈ રીતે મનમાં સંકલ્પ થતો નથી જે, 'લીંબડો હશે કે નહીં હોય?' એવી રીતે ગમે તેનો સંગ થાય અને ગમે તેવાં શાસ્ત્ર સાંભળે પણ કોઈ રીતે કરીને ભગવાનના સ્વરૂપનો જે નિશ્ચય કર્યો હોય તેમાંથી મન ડગમગે નહીં...''

---

૮૯. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૪.

૯૦. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૫.

એવી રીતે નિરુત્થાનપણે ભગવાનનું સ્વરૂપ જાણવું. નિશ્ચયમાં જેને અચળ મતિ થઈ હોય તેને એક વાર આંબાના વૃક્ષને દઢતાપૂર્વક જાણ્યું હોય તો કામ-ક્રોધાદિક વ્યાપે તો પણ બુદ્ધિમાં વિકૃતિ આવતી નથી. આવા નિશ્ચયવાળાને પ્રાણ લીન થયા વિના જ નિર્વિકલ્પ સમાધિ છે.[૯૧]

"આવું જે ભગવાનના સ્વરૂપનું જ્ઞાન તે જેને થયું હોય ને તેને થોડી બુદ્ધિ હોય તો પણ એને મોટી બુદ્ધિવાળો જાણવો; અને આવું ભગવાનના સ્વરૂપનું જ્ઞાન જેને ન હોય ને તેને જો ઝાઝી બુદ્ધિ હોય તો પણ તેને બુદ્ધિહીન જાણવો." માટે બુદ્ધિમાનને તો ભગવાનના નિશ્ચયરૂપ મતિની દઢતા રાખી ભગવત્સ્વરૂપનું બળ રાખવું.[૯૨] એમાં પણ જે ભક્ત ભગવાનની આજ્ઞામાં વિશ્વાસુ છે તેને શ્રેષ્ઠ કહ્યો છે.[૯૩]

જે ભક્તને ભગવાનનો દઢ નિશ્ચય થયો હોય અને દેહ-આત્માની વિક્તિ સ્પષ્ટ હોય, તેની દઢતાથી કદી પણ ચલાયમાન થતો નથી. કોઈક વાર આત્મબુદ્ધિ મટીને દેહબુદ્ધિ આવી જાય તેવું લાગે પણ તે તો એની બુદ્ધિનો ખોટો ભ્રમ છે. પરિપક્વ જ્ઞાની ભક્તને નિરંતર આત્માનું અભિમાન રહે છે ને તે પોતાના આત્માને બ્રહ્મરૂપ માની પરબ્રહ્મ પોતાનામાં અખંડ વિરાજમાન છે એવી સમજણ રાખે છે.[૯૪]

જે ભક્તે ભગવાન થકી એવો સ્વાર્થ જાણ્યો હોય કે 'ભગવાન તો પાપ થકી ને અજ્ઞાન થકી મુકાવીને ભક્તને અભયપદ આપે છે.' એવો સ્વાર્થ સરતો હોય તો જે બુદ્ધિવાન હોય તે પતિવ્રતા સ્ત્રી જેમ પોતાના પતિ કે તેના સંબંધીનો દોષ ગ્રહણ કરતી નથી તેમ ભગવાન અને તેના સંબંધવાળાનો દોષ ગ્રહણ કરતો નથી.[૯૫]

ભગવાન સ્વામિનારાયણે દંભે કરીને વર્તમાન પાળતો હોય કે દંભથી ભગવાનનો નિશ્ચય રાખતો હોય એવા બુદ્ધિશાળીને પણ પડકાર્યા છે. જ્યારે એવા બુદ્ધિવાળા દંભીનો માનરૂપ પ્રતિષ્ઠાનો ભંગ થાય ત્યારે એનો દંભ

---

૯૧. વચનામૃત વરતાલ પ્રકરણ ૧.

૯૨. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૯; ગઢડા મધ્ય પ્રકરણ૧૬; લોયા પ્રકરણ ૬.

૯૩. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૪.

૯૪. વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૨.

૯૫. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૭.

ઉઘાડો પડે છે. એવા કપટીનું કપટ પણ તેના સહવાસથી પ્રગટ થાય છે.[૯૬]

આત્મસત્તારૂપે રહે તે બુદ્ધિશાળી

જે ખરેખર બુદ્ધિશાળી હોય તે તો ચોવીસ તત્ત્વોથી પોતાના જીવાત્માને પૃથક્ જાણી, ઇન્દ્રિયોની વૃત્તિને જગતના પંચવિષયમાંથી ઉખાડીને જીવસત્તા-પણે રહી ભગવાનમાં હેત કરે.[૯૭]

જેમ કોઈ બુદ્ધિહીન રાજા હોય તો તેના ઘરનાં મનુષ્ય તથા પ્રજા તેના હુકમમાં રહે નહીં અને તે દુઃખી થઈ જાય. તેમ બુદ્ધિહીન જીવને રાજનીતિ ન આવડે તો કાયાનગરમાં અંતઃકરણરૂપી ઘરના મનુષ્ય અને પ્રજારૂપી ઇન્દ્રિયો તેને વશ નહીં રહે. માટે ભગવાનનું માહાત્મ્ય સમજી જીવસત્તામાત્રે રહેવું.[૯૮]

ભગવાનમાં યથાર્થ નિશ્ચય એ જ બુદ્ધિની પરિપક્વતા

લૌકિક દૃષ્ટિએ ગોપીઓ ભોળી જણાય, પરંતુ તેઓની સમજણ તો આત્મનિષ્ઠા અને વૈરાગ્ય યુક્ત હોય તેની સમજણને પણ ઉલ્લંઘી જાય એવી હતી. ભગવાનના યથાર્થ નિશ્ચયવાળી ગોપીઓની પરિપક્વ બુદ્ધિથી યાદવોમાં સૌથી બુદ્ધિમાન અને ભગવાનના ચોવટિયા ઉદ્ધવજી પણ નમી પડ્યા. વ્રજ-બાળાઓની સમજણ જોઈ તેઓએ ગોપીઓની ચરણરજથી પાવન થયેલી વૃંદાવનની વૃક્ષ-વેલીનો અવતાર માગ્યો ! ગોપીઓએ કામબુદ્ધિથી ભગવાન સાથે પ્રીતિ કરી તો પણ માયાને તરી ઉચ્ચસ્થિતિને પામી.[૯૯]

ગુણ-અવગુણને જાણે તે બુદ્ધિવાન

"જે બુદ્ધિવાળો છે તે તો પોતામાં જેટલા અવગુણ હોય તેને જાણે તથા જેટલા ગુણ હોય તેને પણ જાણે અને બીજામાં જે ગુણ તથા અવગુણ હોય તેને પણ જાણે. અને જે બુદ્ધિવાળો ન હોય તે તો પોતામાં ગુણ જ જાણે પણ અવગુણ હોય તેને તો જાણે નહીં; અને પોતાને સનકાદિક જેવો મોટો જાણે

---

૯૬. વચનામૃત લોયા પ્રકરણ ૫.

૯૭. વચનામૃત પંચાળા પ્રકરણ ૩.

૯૮. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૨.

૯૯. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૪૨.

ને બીજા મોટા હોય તેને પણ પોતાથી ઊતરતા જાણે. અને જે બુદ્ધિવાળો હોય તે પોતાના અવગુણને જાણતો હોય જે, 'મારામાં આટલો અવગુણ છે;' પછી તેની ઉપર ચાડ રાખીને તે અવગુણને ટાળી નાંખે તથા તે અવગુણને ટાળવાની બીજા સંત વાર્તા કરતા હોય તેને હિતકારી માને, માટે એમાં માન, ઈર્ષ્યાદિક કોઈ અવગુણ રહે નહીં. અને કોઈકમાં મોટી બુદ્ધિ જણાતી હોય ને તે જો પોતાના અવગુણને ન વિચારતો હોય તો તેની વ્યાવહારિક બુદ્ધિ જાણવી; અને તે બુદ્ધિ ઉપરથી તો બહુ ચોજાળી જણાય પણ એને બુદ્ધિવાળો ન કહેવાય, તેને તો અતિ મૂર્ખ જાણવો ને એની એ બુદ્ધિ પોતાના મોક્ષના કામમાં આવે નહીં. અને થોડીક બુદ્ધિ હોય ને જો પોતામાં અવગુણ હોય તેને જાણીને તેને ટાળ્યાનો ઉપાય કરે તો એની થોડી બુદ્ધિ પણ મોક્ષને ઉપયોગી થાય છે અને એને જ બુદ્ધિવાળો કહીએ. અને જે પોતામાં તો કોઈ વારે અવગુણ પરઠે નહીં ને ગુણ જ પરઠે તેને મૂર્ખ કહીએ,"[૧૦૦]

"જે કુમતિવાળા છે તે તો એમ સમજે જે, 'આ મોટા કહેવાય છે પણ વિવેક તો કોઈ પ્રકારનો નથી અને ખાતાં-પીતાં પણ આવડતું નથી અને ઓઢતાં-પહેરતાં પણ આવડતું નથી અને પરમેશ્વરે સુખ ઘણું આપ્યું છે તેને ભોગવતાં પણ આવડતું નથી અને કોઈને આપે છે તો પણ વિવેક વિનાનું આપે છે.' એવી રીતે સત્પુરુષમાં અનંત પ્રકારના અવગુણ પરઠે. એવા કુમતિ પુરુષમાં કોઈ દિવસ સત્પુરુષના ગુણ નહીં આવે."[૧૦૧]

ભગવાનના ભક્તની ક્રિયાને સમજે તે બુદ્ધિમાન

ભગવાનનો ભક્ત જે જે ક્રિયા કરે છે તે કેવળ ભગવાન અને ભગવાનના ભક્તની સેવાને અર્થે જ કરે છે એટલે તે ભક્તની સર્વે ક્રિયા ભક્તિરૂપ જ છે.

ભગવાન સ્વામિનારાયણે આ પ્રકારની ભક્તિને નૈષ્કર્મ્યરૂપ કહી છે.

કર્મણ્યકર્મ યઃ પશ્યેદકર્મણિ ચ કર્મ યઃ ।
સ બુદ્ધિમાન્ મનુષ્યેષુ સ યુક્તઃ કૃત્સ્નકર્મકૃત્ ॥[૧૦૨]

ભગવદ્ગીતાનો ઉપરોક્ત સંદર્ભ ટાંકીને વિશેષ નિરૂપણ કરતાં તેઓ

---

૧૦૦. વચનામૃત પંચાળા પ્રકરણ ૩.

૧૦૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૭.

૧૦૨. ભગવદ્ગીતા: ૪/૧૮.

કહે છે :

"ભગવાનનો ભક્ત હોય તે ભગવાનની પ્રસન્નતાને અર્થે જે જે કર્મ કરે છે તે કર્મને વિષે અકર્મ જે જ્ઞાન તેને જે દેખે છે અને વિમુખ હોય તે નિવૃત્તિમાર્ગ પકડીને અકર્મપણે રહેતો હોય તો પણ તેને કર્મમાં બૂડ્યો છે એમ જે દેખે છે, તે દેખનારો સર્વે મનુષ્યને વિષે બુદ્ધિમાન છે ને તે જ્ઞાની છે તથા તે યુક્ત છે કહેતાં મોક્ષને યોગ્ય છે અને *'કૃત્સ્નકર્મકૃત્'* કહેતાં સર્વ કર્મનો કરનારો છે."[૧૦૩]

"ભગવાનનો ભક્ત હોય તેને તો સર્વે સત્સંગીનો ગુણ જ લેવો ને પોતાનો તો અવગુણ જ લેવો. એવી રીતે સમજતો હોય ને થોડી બુદ્ધિ હોય તો પણ તેનો સત્સંગ દિવસે દિવસે વૃદ્ધિ પામતો જાય; અને તે વિના તો ઝાઝી બુદ્ધિ હોય તો પણ દિવસ-દિવસ પ્રત્યે સત્સંગમાંથી પાછો હઠતો જાય અને અંતે જાતાં નિશ્ચય વિમુખ થાય."[૧૦૪] ભગવાનના ભક્તનો અવગુણ લેનારનું પાપ વજ્રલેપ કહ્યું છે. *'સ બુદ્ધિમાન્ યો ન કરોતિ પાપમ્ ।'* એવું પાપ ન કરનારને ગરુડપુરાણમાં બુદ્ધિમાન કહ્યો છે.

બુદ્ધિમાન ગુણોના ઘાટ ઓળખે

બુદ્ધિમાન હોય તે રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણના ઘાટને ઓળખે અને સત્સંગમાં જે ભગવાનની વાર્તા થાય તેને ધાર્યા-વિચાર્યા કરે તો સત્સંગના પ્રતાપથી જે ગુણના ઘાટ થતા હોય તે ઘાટની નિવૃત્તિ થાય છે અને નિરુત્થાન થઈને અખંડ ભગવાનના સ્વરૂપનું ચિંતવન કરે છે.[૧૦૫]

સારંગપુર પ્રકરણના ૧૨મા વચનામૃતમાં શ્રીહરિ આ જ વાતને વિસ્તારથી સમજાવે છે. જ્યારે દ્રષ્ટા એવો જીવ અંતઃકરણ સામું જુએ છે ત્યારે બાહ્ય શરીર સંબંધી વિષયોની વિસ્મૃતિ થાય છે. આ સ્થિતિમાં દ્રષ્ટા એવો જીવ અને અંતઃકરણની મધ્યમાં જે વિચાર સ્થિર થાય છે તે વિચારથી મન, બુદ્ધિ વગેરેના રૂપને જાણી તેના ઘાટની નિવૃત્તિ થાય ત્યારે ભગવાનનું ચિંતવન કરવું. જ્યારે ઘાટનું વિશેષ બળ હોય ત્યારે સાધકે ધ્યાનનો આગ્રહ ન રાખવો.

---

૧૦૩. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૧.

૧૦૪. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૨૬.

૧૦૫. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૦.

જ્યારે પંચ જ્ઞાનેન્દ્રિયો વિષયમાં પ્રવૃત્ત થાય ત્યારે બે પ્રકારે વિચાર કરવો:

૧. દેહ અને ઈન્દ્રિયો દુઃખરૂપ છે, બંધનકર્તા અને નાશવંત છે.

૨. આત્માનું સુખ અનંત છે, આત્મા સર્વદોષ રહિત અને અવિનાશી છે.

આ બે પ્રકારના વિચારથી જ્યારે ઈન્દ્રિયોની વૃત્તિ સ્થિર થાય ત્યારે ભગવાનનું ધ્યાન કરવું.[૧૦૬]

ભગવત્સ્વરૂપની અચળ નિષ્ઠા રાખનાર બુદ્ધિમાન

"...જો ભગવાનના સ્વરૂપમાં નિષ્ઠા પાકી હોય તો તે કલ્યાણના માર્ગમાંથી કોઈ કાળે પડે નહીં, અને જો ભગવત્સ્વરૂપની નિષ્ઠામાં કાચ્યપ હોય તો જે દિવસ ધર્મમાંથી ચળી જવાય તે દિવસ તે એમ જાણે જે, 'હું નરકમાં પડી ચૂક્યો.' માટે જેને ભગવત્સ્વરૂપનું બળ તે જ પાકો સત્સંગી છે અને એ વિના બીજા તો ગુણબુદ્ધિવાળા કહેવાય. અને જેને ભગવત્સ્વરૂપની નિષ્ઠા પાકી હોય તેને જ શાસ્ત્રમાં પણ એકાંતિક ભક્ત કહ્યા છે. અને આ સમયમાં જેવી સત્સંગમાં વાર્તા થાય છે તેને જો નારદ-સનકાદિક ને બ્રહ્માદિક દેવતા સાંભળે, તો સાંભળીને એમ કહે જે, 'આવી વાર્તા કોઈ કાળે સાંભળી પણ નથી અને સાંભળશું પણ નહીં. આ વાર્તા તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી છે.' અને અતિશય ઝીણી વાર્તા થાય છે તો પણ અતિશય સ્થૂળ બુદ્ધિવાળા હોય તેને પણ સમજાય છે, એવી મૂર્તિમાન વાર્તા થાય છે. માટે, 'આ સમે જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે તેના પુણ્યનો પાર આવે એમ નથી,' એવું જાણીને સત્સંગી હોય તેને પોતાને વિષે કૃતાર્થપણું માન્યું જોઈએ."[૧૦૭]

ભગવાનની પ્રકૃતિ જાણે તે બુદ્ધિમાન

જે બુદ્ધિમાન હોય તે ભગવાનની સર્વે પ્રકૃતિને જાણે છે. તે એમ જાણે જે, 'સંસારમાં જેટલા મોહ ઉપજાવવાના પદાર્થ, સ્ત્રી, ધન, અલંકારાદિક થકી ભગવાન ઉદાસ રહે છે. ભગવાન જે કાંઈ ગ્રહણ કરે છે, તે કેવળ જીવ પર દયા અને કલ્યાણની ભાવનાથી સ્વીકારે છે.' એમ ભગવાનને નિર્દોષ

---

૧૦૬. વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૨.

૧૦૭. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૯.

સમજે.[૧૦૮]

યોગીજી મહારાજે ભગવાનમાં નિર્દોષબુદ્ધિને ભક્તિ કહી છે.

"જેને બુદ્ધિ વિશાળ હોય તે ભગવાનનું સગુણ-નિર્ગુણપણું તથા અન્વય-વ્યતિરેકપણું તેને સમજતો હોય અને ભગવાનની માયા થકી જે જે સર્ગ થયો છે તેને સમજતો હોય અને ભગવાનના જે પૃથ્વીને વિષે અવતાર થાય છે તેની રીતને સમજતો હોય અને જગતની ઉત્પત્તિકાળે ભગવાન જે પ્રકારે અક્ષરરૂપે વર્તે છે તથા પુરુષપ્રકૃતિરૂપે વર્તે છે તથા વિરાટપુરુષરૂપે વર્તે છે તથા બ્રહ્માદિક પ્રજાપતિરૂપે વર્તે છે તથા જીવના કલ્યાણને અર્થે નારદ-સનકાદિકરૂપે વર્તે છે એ સર્વ રીતને સમજી જાણે; અને પુરુષોત્તમ ભગવાનને સર્વથી પર ને નિર્વિકાર સમજતો હોય. એવી રીતે જેની દૃષ્ટિ પહોંચતી હોય તેને બુદ્ધિએ કરીને ભગવાનનો દૃઢ આશરો છે, તે બીજાનો ટાળ્યો ટળે નહીં ને પોતાનો પણ ટાળ્યો ટળે નહીં. અને ભગવાન મનુષ્ય દેહને ગ્રહણ કરીને સમર્થપણે અથવા અસમર્થપણે વર્તતા હોય તો તેને દેખીને તેની બુદ્ધિને વિષે ભ્રાંતિ થાય નહીં."[૧૦૯]

મહાભારતમાં પણ આદિ સર્ગમાં પોતાની ઇચ્છાથી પ્રગટ થયેલા અનાદિ એવા ભગવાનને જે જાણે છે, તે જ બુદ્ધિની સીમા ઓળંગી શકે છે અર્થાત્ તે જ શ્રેષ્ઠ બુદ્ધિમાન કહ્યો છે.

'સ બુદ્ધિમાન્ બુદ્ધિમતીત્ય તિષ્ઠતિ.'[૧૧૦]

ત્યાગી અને ગૃહીના નિયમોને જાણે તે બુદ્ધિમાન

જે બુદ્ધિમાન હોય તે ત્યાગી અને ગૃહસ્થના નિયમોને વ્યવસ્થિત જાણે. ગૃહસ્થની શોભા એ ત્યાગી માટે દૂષણ છે અને ત્યાગીની શોભા ગૃહસ્થને માટે દૂષણ છે માટે વિચાર્યા વિના કોઈ ચાળે ન ચડી જવું.[૧૧૧]

જે શાંત ચિત્તે કલ્યાણ માટે યત્નશીલ બને છે તે જ ભગવાનનો પ્રીતિપાત્ર બને છે.

---

૧૦૮. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૩.

૧૦૯. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૩.

૧૧૦. મહાભારત, આશ્વ, ૩૬/૧-૨.

૧૧૧. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૫૨.

મહાભારતમાં કહ્યું છે :

નાના લિંગાશ્રમસ્થાનાં યેષાં બુદ્ધિઃ શમાત્મિકા ।
તે ભાવમેકમાયાન્તિ સરિતઃ સાગરં યથા ॥[૧૧૨]

ભિન્ન ભિન્ન આશ્રમોમાં રહેવા છતાં પણ જેઓની બુદ્ધિ શાંતિના સાધનમાં વ્યસ્ત છે, તેઓ જેમ સર્વે નદીઓ એક માત્ર સાગરને પામે છે તેમ તેઓ એક માત્ર એવા બ્રહ્મભાવને પામે છે.

બુદ્ધિમાન તુચ્છ પદાર્થ માટે ક્રોધ ન કરે

જે બુદ્ધિમાન હોય અને સમજુ હોય તે તુચ્છ પદાર્થ માટે ક્રોધ કરે નહી. જે તુચ્છ પદાર્થ માટે ક્રોધ કરનારની બુદ્ધિ રાજાના કામદાર જેવી જાણવી. તેને સાધુપણાની બુદ્ધિ નથી આવી.[૧૧૩]

---

૧૧૨. મહાભારત, આશ્વ, ૩૩/૬-૭.

૧૧૩. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૪.

આધ્યાત્મિક ક્ષેત્રે બુદ્ધિથી લાભ

બુદ્ધિ જો યોગ્ય દિશામાં પ્રેરાય તો ભૌતિક, સામાજિક, વ્યાવહારિક કે આધ્યાત્મિક ક્ષેત્રે લાભદાયક નીવડે છે. ભગવાન સ્વામિનારાયણે કલ્યાણના માર્ગે સકારાત્મક અભિગમ ધરાવતી બુદ્ધિના અનેક લાભો બતાવ્યા છે તે પ્રસ્તુત પ્રકરણમાં જાણીએ.

''જેને કુશાગ્રબુદ્ધિ હોય તેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.''[૧૧૪]

સત્પુરુષમાં નિર્દોષબુદ્ધિ

''તે અમારા સ્વભાવને તો જે અતિશય અમારે ભેળા રહ્યા હશે તે જાણે છે અને જે છેટે રહે છે તેને અમારો સ્વભાવ જાણ્યામાં આવતો નથી. અને આ મુકુંદ બ્રહ્મચારી છે તે ભોળા જેવા જણાય છે તો પણ અમારા સ્વભાવને યથાર્થ જાણે છે જે, 'મહારાજ તો આકાશ જેવા નિર્લેપ છે અને એમને કોઈ પોતાનું પણ નથી અને પારકું પણ નથી.' અને એવી રીતે જો અમારા સ્વભાવને જાણે છે તો જેવા ઈશ્વરમાં ગુણ હોય તેવા ગુણ બ્રહ્મચારીમાં વર્તે છે અને અંતર્યામી સૌમાં રહ્યા છે તે બાઈ-ભાઈને મનમાં એમ સમજાવે છે જે, 'બ્રહ્મચારીમાં કોઈ વાતની ખોટ્ય નથી.' તે એવા રૂડા ગુણ આવ્યાનું કારણ એ છે જે, મોટાપુરુષને વિષે જે નિર્દોષબુદ્ધિ રાખે છે તે પોતે સર્વ દોષ થકી રહિત થાય છે અને જે મોટાપુરુષને વિષે દોષ પરઠે છે તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને કામાદિક જે શત્રુ તે સર્વે તેના હૈયામાં આવીને

૧૧૪. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૫૦.

નિવાસ કરે છે. પછી એ સત્પુરુષને વિષે દોષબુદ્ધિનો પરઠનારો જે પુરુષ તેના હૈયામાં ભૂંડા ભૂંડા ઘાટ પણ પીડ્યા કરે છે અને એ સત્સંગ કરે છે તોય પણ દુખિયો મટે નહીં.''[૧૧૫]

''...ભગવાનના ધામના સુખનું અતિશયપણું બુદ્ધિવાનને જાણ્યામાં આવે છે, તેણે કરીને સારા વિષય તે ભૂંડા થઈ જાય છે.''[૧૧૬]

ભક્તોમાં નિર્દોષબુદ્ધિ

''જેમ પોતાની માતા હોય અથવા બેન હોય તથા દીકરી હોય તે ઘણી રૂપવાન હોય તો પણ તેને દેખીને મનને વિષે વિકાર થતો નથી, તેમ જ તેને સાથે બોલે છે, સ્પર્શ કરે છે તો પણ મનને વિષે લેશમાત્ર વિકાર થતો નથી; એવી રીતે ભગવાનનાં ભક્ત જે બાઈઓ હોય તેને વિષે મા, બેન ને દીકરી તેની બુદ્ધિ રહે તો કોઈ રીતે વિકાર થાય નહીં અને રસિકમાર્ગે કરીને ભગવાનને ભજીને અભયપદને પામે. અને જ્યારે એમ ન સમજે અને કોઈ મોટાં ભગવાનનાં ભક્ત બાઈઓ હોય તેને દેખીને અવળું સમજે ત્યારે એને મોટો દોષ લાગે. અને જે અન્ય સ્ત્રીને દેખવે કરીને દોષ લાગ્યો હોય તે તો ભગવાનના ભક્તને દર્શને કરીને ટળે છે અને ભગવાનના ભક્તને જોઈને જે દોષ લાગ્યો હોય તેને ટાળ્યાનો ઉપાય શાસ્ત્રમાં કહ્યો જ નથી. તેમ જ ભગવાનનો ભક્ત જે પુરુષ હોય તેને દેખીને જે સ્ત્રી અવળું સમજે તેને પણ એ પાપ થકી કોઈ કાળે છુટાય નહીં. ત્યાં શ્લોક છે –

'અન્યક્ષેત્રે કૃતં પાપં તીર્થક્ષેત્રે વિનશ્યતિ ।
તીર્થક્ષેત્રે કૃતં પાપં વજ્રલેપો ભવિષ્યતિ ॥'

એ શ્લોકનો અર્થ એ છે જે, 'બીજે ઠેકાણે પાપ કર્યું હોય, તે તો ભગવાન કે ભગવાનના ભક્ત પાસે ગયે છૂટે અને ભગવાન ને ભગવાનના ભક્ત પાસે જઈને જે પાપ કરે તે તો તીર્થક્ષેત્રનું પાપ છે, તે વજ્રલેપ થાય છે.' માટે જેને રસિકમાર્ગે કરીને ભગવાનને ભજવા હોય તેને તો જેવી રીતે અમે વાત કરી તેવી રીતે નિર્દોષબુદ્ધિ રાખવી.''[૧૧૭]

---

૧૧૫. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૩.

૧૧૬. વચનામૃત પંચાળા પ્રકરણ ૧.

૧૧૭. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૩.

ભગવાન અને સંત સાથે આત્મબુદ્ધિ

"જેવી પોતાના દેહને વિષે આત્મબુદ્ધિ ને દઢ પ્રીતિ રહે છે તેવી જ ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ ને દઢ પ્રીતિ રહે, તો જેવી નિર્વિકલ્પ સમાધિમાં શાંતિ રહે છે તેવી શાંતિ એ સમાધિ વિના પણ સદાય રહ્યા કરે."[૧૧૮]

"જીવને જેવી દેહને વિષે આત્મબુદ્ધિ છે તેવી ભગવાન તથા ભગવાનના ભક્તને વિષે આત્મબુદ્ધિ હોય તો તેને કોઈ રીતનું વિઘ્ન લાગે નહીં. અને ગમે તેવાં દેશકાળાદિક ભૂંડાં આવે તેણે કરીને એ ભગવાન ને ભગવાનના ભક્ત થકી વિમુખ થાય નહીં."[૧૧૯]

માટે આત્મનિષ્ઠ ભક્તે પ્રગટ ભગવાન જેને મળ્યા હોય એવા સંત સાથે આત્મબુદ્ધિ રાખવી અને તેને જ પોતાનું સ્વરૂપ માનવું, કારણ કે આવી આત્મબુદ્ધિમાં અષ્ટ આવરણ ભેદવાની સામર્થી છે. આ વાતને શ્રીહરિએ સર્વના જીવન સમી કહી છે.[૧૨૦]

જેમ કર્દમ ઋષિનો દેવહૂતિએ પતિબુદ્ધિએ કરીને પ્રસંગ કર્યો તો પણ ઋષિ પ્રત્યે સ્નેહના કારણે ઉદ્ધાર થયો.[૧૨૧] અહીં પતિબુદ્ધિ એ આત્મબુદ્ધિનો જ પ્રકાર સમજવો. દેહમાં આત્મબુદ્ધિ છે તેવી ભગવાનના સ્વરૂપમાં આત્મબુદ્ધિ રાખનારને સત્સંગમાં મોટેરો કહ્યો છે.

સત્પુરુષમાં ગુરુબુદ્ધિ અને દેવબુદ્ધિ

ભાગવતના એકાદશ સ્કંધમાં વર્ણવેલ ત્રીસ લક્ષણે યુક્ત જે સંત હોય તેને વિષે ગુરુબુદ્ધિ અને દેવબુદ્ધિ રાખીને મન-કર્મ-વચને એનો સંગ કરે તો તે સંગ કરનાર મુમુક્ષુ પણ તે કલ્યાણકારી ત્રીસ લક્ષણે યુક્ત થાય છે.[૧૨૨]

જેને આ લોકના સુખમાં ઇચ્છા નથી એવા સત્પુરુષમાં દેવની બુદ્ધિ

---

૧૧૮. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૧.

૧૧૯. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧૧.

૧૨૦. વચનામૃત જેતલપુર ૧.

૧૨૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૫.

૧૨૨. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૮.

રાખે અને તેની આજ્ઞામાં રહે તો સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે.[૧૨૩]

"ભગવાન સંબંધી જે પંચવિષય તેને સેવે તો બુદ્ધિમાં પ્રકાશ થાય છે અને જગત સંબંધી પંચવિષયને સેવે તો બુદ્ધિમાં અંધકાર થઈ જાય છે."[૧૨૪]

---

૧૨૩. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૭.

૧૨૪. વચનામૃત લોયા પ્રકરણ ૬.

બુદ્ધિનો ક્ષય કરનાર પરિબળો

શોકઃ ક્રોધ સ્તથા લોભઃ કામો મોહઃ પરાસુતા ।
ઈર્ષ્યા માનો વિચિકિત્સા કૃપાસૂયા જુગુપ્સતા ॥
દ્વાદશૈતે બુદ્ધિનાશહેતવો માનસા મલાઃ ।[૧૨૫]

શોક, ક્રોધ, લોભ, કામ, મોહ, પરાસુતા (પરાધીનતા) ઈર્ષ્યા, માન, વિચિકિત્સા (સંશય, અનિશ્ચિતતા), કૃપા (દયા, અનુકંપા) અસૂયા (બીજાના ગુણમાં દોષ જોવા તે ઈર્ષ્યા કે દ્વેષ) અને જુગુપ્સતા (અણગમો આરોપ, નિંદા, ગાળ, ઠપકો, તિરસ્કાર) બુદ્ધિને નાશ કરનારા પરિબળો કહ્યાં છે.

બુદ્ધિના માંધાતાઓ પણ ઉપરોક્ત પરિબળોમાં તણાઈ ગયા! અર્જુન બુદ્ધિમાન હતા છતાં પણ પોતાના સ્વજન પ્રત્યેના સ્નેહ અને અનુકંપા કારણે શ્રીકૃષ્ણની યુદ્ધ કરવાની આજ્ઞા હોવા છતાં પણ તેમને બુદ્ધિમાં ભ્રમ પેદા થયો. તેથી જ અર્જુને શોકગ્રસ્ત બની યુદ્ધમાંથી પરાંગમુખતા દર્શાવી. પુત્રપ્રેમ અને અધિક સંપત્તિના લોભમાં પ્રજ્ઞાચક્ષુ ધૃતરાષ્ટ્રે અંતઃચક્ષુ પણ ગુમાવી દીધાં. પોતાના બાહુબળ, વિદ્વત્તા અને બુદ્ધિમત્તાથી નવગ્રહોને પણ વશ રાખતા રાવણે પણ સીતામાં કામાંધ બની, પોતાનો વિનાશ નોતર્યો.

સમગ્ર ભારતનું શાસન છોડી પુલહાશ્રમમાં તપ કરનાર ભરતજી પણ દયાના દાયરામાં આવી એક ક્ષુલ્લક મૃગમાં બંધાઈ ગયા. પોતાના પુત્રના

---

૧૨૫. કાલિકાપુરાણ, અ.૧૮.

વધના સમાચાર સાંભળી વ્યાકૂળ થઈ, વધની ચોકસાઈ કરવા દ્રોણાચાર્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નમાં 'નરો વા કૂંજરો વા' કહી પોતાના ધર્મથી ચલાયમાન થઈ જશે એવા ડરથી શ્રીકૃષ્ણના વચનમાં પણ સંશયાત્મક બની યુધિષ્ઠિરને પોતાની બુદ્ધિએ દગો દીધો. અસૂયા અને જુગુપ્સાને વરેલા કંસ અને શિશુપાલે દ્રોહબુદ્ધિથી શ્રીકૃષ્ણની નિંદા કરી. બુદ્ધિમાન ભીષ્મ અને કર્ણે પણ પરાધીનતામાં સત્યનો - પાંડવોનો પક્ષ ન રાખ્યો.

આ બધાં જ બુદ્ધિને ભ્રમિત કરનારા પરિબળોના મૂળનું શ્રીહરિએ વચનામૃતમાં ખુબ સુંદર વિશ્લેષણ કર્યું છે. શ્રીહરિના કેટલાક વિચારો સંકલનાત્મક સ્વરૂપે અત્રે રજૂ કર્યાં છે.

જે ભગવાનના રામકૃષ્ણાદિક અવતારમાં પરમેશ્વરની બુદ્ધિ નથી રાખતા, વળી ઉપાસનાનું ખંડન થાય એવા નાસ્તિક અને શુષ્કવેદાંતીનો સંગ કે તેમનાં શાસ્ત્રોનું શ્રવણ કરે છે તે જીવની બુદ્ધિ અતિ ભ્રષ્ટ થઈ જાય છે. પંચમહાપાપીનો તો કોઈ કાળે છૂટકો થાય પણ નાસ્તિક અને શુષ્કવેદાંતીનો કોઈ કાળે છૂટકો થતો નથી.[૧૨૬] આવી કુબુદ્ધિવાળો જીવ ભગવાનના આકારને ખોટા કરી નાંખે અને એમ સમજે કે, 'ભગવાનને ભજીએ તો ગોલોક ને વૈકુંઠલોકમાં સ્ત્રીભોગ, ખાનપાન આદિક જે પંચવિષયના સુખને પામીએ.' પછી તે કુબુદ્ધિવાળો સુખની આસક્તિએ કરીને ભગવાનનાં પ્રાકૃત ચરિત્રોને ભૂલીને ભગવાનમાં પણ કામરૂપ દોષ પરઠે છે અને મોક્ષમાર્ગમાંથી પડી જાય છે.[૧૨૭] ભગવાનને નિર્ગુણપણે વર્ણન કર્યા હોય તેવાં શાસ્ત્રો સાંભળનાર અને વાંચનારની મતિ ભ્રમી જાય છે.[૧૨૮]

ભગવાનના માહાત્મ્યના ઓથે કેટલાક કુબુદ્ધિ જીવ એમ સમજે કે, 'ભગવાન તો પતિતપાવન અને અધમ-ઉદ્ધારક છે. માટે કાંઈક ધર્મવિરુદ્ધ વર્તાઈ જશે તો શી ચિંતા છે.' એમ જાણી ધર્મમર્યાદાનું ઉલ્લંઘન કરી, પાપથી ડરતા નથી. એવી કુબુદ્ધિવાળા દુષ્ટ છે અને તેનો સંગ ન કરવો.[૧૨૯]

જેને નારદ-સનકાદિક જેવા મોટાપુરુષના વચનમાં વિશ્વાસ નથી તેવા

૧૨૬. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૭-૧૮.

૧૨૭. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૮.

૧૨૮. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૬.

૧૨૯. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૨.

નાસ્તિક મતિવાળા વિધિનિષેધને ખોટાં સમજે છે. વળી શાલગ્રામ અને અન્ય પથ્થરમાં કે પરણેલી સ્ત્રી અને અન્ય સ્ત્રીમાં તથા ભગવાન અને અન્ય મનુષ્યમાં ભેદ નથી સમજતો એવા નાસ્તિકનો સંગ ન કરવો. તેને તો પાપિષ્ઠ અને ચાંડાળ જાણવો.[૧૩૦]

પંચ જ્ઞાનેન્દ્રિયો દ્વારા જેવાં શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધનું ગ્રહણ કરે છે તેવો જ તેના મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એ ચાર અંતઃકરણમાં ગુણ પ્રવર્તે છે. જેમ કોઈ હત્યારો જીવ હોય અથવા કોઈક પુરુષ વ્યભિચારી હોય અથવા કોઈક સ્ત્રી વ્યભિચારિણી હોય અથવા લોક અને વેદની મર્યાદાને લોપીને વર્તતો એવો કોઈક ભ્રષ્ટ જીવ હોય તેમની જે વાત સાંભળવી તે તો લીલાગર ભાંગ્ય પીએ અથવા દારૂ પીએ એવી છે; માટે તે વાતના સાંભળનારાના અંતઃકરણને ભ્રષ્ટ કરી નાંખે છે અને ભગવાનનું ભજન, સ્મરણ તથા વર્તમાન તેની વિસ્મૃતિ કરાવી નાંખે છે. પાપી જીવનો સ્પર્શ, શબ્દ તથા તેના હાથનું પુષ્પ કે ચંદનની સુગંધ કે તેના દર્શનથી પણ જીવની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે.[૧૩૧]

ધ્યાયતો વિષયાન્ પુંસઃ સંગસ્તેષૂપજાયતે ।
સંગાત્સંજાયતે કામઃ કામાત્ ક્રોધોભિજાયતે ॥
ક્રોધાદ્ ભવતિ સંમોહઃ સમ્મોહાત્સ્મૃતિવિભ્રમઃ ।
સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ ॥[૧૩૨]

અર્થ: પંચવિષયોનું ચિંતવન કરવાથી, મનુષ્યને તેમાં આસક્તિ થાય છે. વિષયોની આસક્તિથી કામ ઉદ્ભવે છે. તે કામનામાંથી ક્રોધ ઉદ્ભવે છે. ક્રોધમાંથી મોહ ઉત્પન્ન થાય છે અને મોહથી સ્મરણશક્તિનો વિભ્રંશ થાય છે. જ્યારે સ્મરણશક્તિનો ભ્રંશ થઈ જાય છે, ત્યારે બુદ્ધિ નષ્ટ થાય છે અને બુદ્ધિ નષ્ટ થવાથી મનુષ્ય નાશ પામે છે અર્થાત્ સંસારસાગરમાં તે પુનઃ નિમગ્ન થાય છે.

શ્રીકૃષ્ણના આ વચનને શ્રીહરિએ પરમસિદ્ધાંત કહ્યાં છે. તેઓ કહે છે:

"જ્યારે શબ્દાદિક કોઈ વિષયમાં ચિત્ત લોભાયું, ત્યારે ગમે તેવો

---

૧૩૦. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૬.

૧૩૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮.

૧૩૨. ગીતા: ૨/૬૨-૬૩.

બુદ્ધિવાન હોય પણ તેની બુદ્ધિનું કાંઈ ઠેકાણું રહે નહીં અને પશુ જેવો થઈ જાય છે."[૧૩૩]

બુદ્ધિ ભ્રષ્ટ થવાનું મૂળ કારણ પંચવિષયોનું ચિંતવન જ છે. એટલે જ શ્રીહરિ સૌને સજાગ કરતાં કહે છે:

"પંચવિષયને સમજ્યા વિના જે ભોગવશે અને સાર-અસારનો વિભાગ નહીં કરે અને તે નારદ-સનકાદિક જેવો હશે તેની પણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાશે, તો જે દેહાભિમાની હોય અને તેની બુદ્ધિ ભ્રષ્ટ થાય તેમાં શું કહેવું? તે સારુ એ પંચ ઇન્દ્રિયોને યોગ્ય-અયોગ્ય વિચાર્યા વિના જે મોકળી મેલશે તેનું અંતઃકરણ ભ્રષ્ટ થઈ જાશે."[૧૩૪]

ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે:

ભોગૈશ્વર્યપ્રસક્તાનાં તયાપહૃતચેતસામ્ ।
વ્યવસાયાત્મિકા બુદ્ધિઃ સમાધૌ ન વિધીયતે ॥[૧૩૫]

જેઓ ભોગ અને ઐશ્વર્યમાં અત્યંત આસક્ત છે, એવા માણસોની પરમાત્મામાં નિશ્ચયાત્મિકા બુદ્ધિ નથી હોતી.

કોઈ ભક્ત ભગવાન સંબંધી જ પંચવિષય ભોગ ભોગવતો હોય અને ભગવાન સિવાય કોઈ અન્ય ઘાટ ન થતા હોય, પરંતુ વૈરાગ્યની ઊણપે પણ એની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે.[૧૩૬] શ્રીહરિ કહે છે:

"જેમ વરસાદ ન વરસ્યો હોય ત્યારે નાના પ્રકારનાં તૃણનાં જે બીજ તે પૃથ્વી ઉપર કાંઈએ ભાસે નહીં અને જ્યારે વરસાદ વરસે ત્યારે એટલાં તૃણ ઊગે જે પૃથ્વી જ દેખાય નહીં; તેમ જે આત્મનિષ્ઠા ને વૈરાગ્યે કરીને રહિત છે તેને જો ભગવાન વિના બીજા કોઈ વિષયના ઘાટ જણાતા નથી, તોય પણ જ્યારે એને કુસંગનો યોગ થશે ત્યારે વિષયના ઘાટ થવા લાગશે ને બુદ્ધિ ભ્રષ્ટ થઈ જશે ને પરમેશ્વરની તો હૈયામાં સ્મૃતિ પણ નહીં રહે ને અખંડ વિષયનું ધ્યાન થશે. પછી એ જે વૈરાગ્ય ને આત્મનિષ્ઠા વિનાનો પ્રેમી તેને એમ ભાસશે જે, 'મારે ભગવાનમાં લેશમાત્ર પ્રીતિ નથી.'"[૧૩૭]

---

૧૩૩. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧.
૧૩૪. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮.
૧૩૫. ગીતા, ૨/૪૪.
૧૩૬. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૧.
૧૩૭. વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૫; ગઢડા અંત્ય પ્રકરણ ૧.

"જે મોટાપુરુષને વિષે દોષ પરઠે છે તે દોષના પરઠનારાની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે અને કામાદિક જે શત્રુ તે સર્વે તેના હૈયામાં આવીને નિવાસ કરે છે. પછી એ સત્પુરુષને વિષે દોષબુદ્ધિનો પરઠનારો જે પુરુષ તેના હૈયામાં ભૂંડા ભૂંડા ઘાટ પણ પીડ્યા કરે છે અને એ સત્સંગ કરે છે તોય પણ દુખિયો મટે નહીં."[૧૩૮]

ધન, દોલત, સ્ત્રી અને પુત્ર આદિક પદાર્થથી ગમે તેવો હોય તો તેની મતિ ભ્રમી જાય છે. પરંતુ જે એવી સમજણ રાખે કે, "આ દેહથી નોખો જે આત્મા તે હું છું ને તે હું પ્રકાશમાન, સત્તારૂપ છું ને તે મારા સ્વરૂપને વિષે પ્રત્યક્ષ ભગવાન અખંડ વિરાજમાન છે ને તે ભગવાનના આકાર વિના બીજા જે પ્રાકૃત આકારમાત્ર તે અસત્ય છે ને તે અનંત દોષે યુક્ત છે.' એવો વૈરાગ્ય હોય ને ભગવાનનું માહાત્મ્ય યથાર્થ જાણતો હોય તેને કોઈ જાતનો બુદ્ધિમાં ભ્રમ થાય નહીં."[૧૩૯] અને સૂઝે એવા દેશકાળનું વિષમપણું આવે તો પણ તેની મતિ વિપરીત ન થાય.[૧૪૦] જે દેહગેહાદિક સર્વ પદાર્થને સત્ય જાણી દેહ, ઇન્દ્રિયોથી પોતાના આત્માને પૃથક્ નથી માનતો તેને પ્રાકૃત મતિવાળો જાણવો.[૧૪૧]

જે ડાહ્યો હોય તેને પોતાનામાં જે કોઈ અયોગ્ય સ્વભાવ દેખ્યામાં આવ્યો ને તેની ઉપર પોતે અતિ દોષબુદ્ધિ રાખે અને દ્વેષે સહિત તે સ્વભાવને ટાળ્યાનો પ્રયત્ન કરતો હોય પરંતુ તેના જેવા જ સ્વભાવ કોઈ અન્ય સંતમાં જુએ તો તેને તે સંતનો અભાવ આવે, આમ અન્યમાં કોઈ સ્વભાવ જોનાર છે તે અતિ મૂર્ખ જાણવો.[૧૪૨]

---

૧૩૮. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૩.
૧૩૯. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૩૩.
૧૪૦. વચનામૃત લોયા પ્રકરણ ૧૭.
૧૪૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૧.
૧૪૨. વચનામૃત લોયા પ્રકરણ ૮.

બુદ્ધિની શુદ્ધિ

જીવની બુદ્ધિને પૂર્વ જન્મ અને આ જન્મના અનેક પાશ વળગ્યા છે. તેથી જ જીવ યથાર્થ કલ્યાણનું જતન કરી શકતો નથી. તેથી શ્રીહરિએ તેમનાં ઉપદેશ-વચનોમાં વેધકતાપૂર્વક પાશાત્મક બુદ્ધિથી થતા ગેરલાભો દર્શાવી, મુમુક્ષુઓને હિંમત આપી, નિર્વિઘ્ને કલ્યાણના માર્ગે ચાલી જીવનની સાર્થકતા અનુભવી શકે, તે માટે બુદ્ધિની શુદ્ધિ અંગે માર્ગદર્શન પૂરું પાડ્યું છે. આ પ્રકરણમાં તેમણે દર્શાવેલા કેટલાક સચોટ ઉપાયો જાણી તે માટે પ્રયત્નશીલ થઈશું.

ભગવાન સ્વામિનારાયણે શાપિત બુદ્ધિની શુદ્ધિનો સરળ ઉપાય બતાવ્યો છે. તેઓ કહે છે:

"...ઝીણું વસ્ત્ર ધોવું હોય ત્યારે તેમાં લગારેક સાબુ દઈને ધોઈ નાંખીએ એટલે તરત ઊજળું થાય, અને જ્યારે જાડા વસ્ત્રને ધોવું હોય ત્યારે તેને બે-ચાર દિવસ સુધી પાણીમાં પલાળી મૂકે ને પછી અગ્નિએ કરીને બાફે ને પછી સાબુ દઈને ધુએ ત્યારે ઊજળું થાય. તેમ જેની બુદ્ધિ શાપિત હોય તે સર્વે પાળે છે એટલું જ પાળે તો એ દોષ ટળે નહીં. અને બીજા જેમ નિષ્કામી રહે છે, નિઃસ્વાદી રહે છે, નિર્લોભી રહે છે, નિઃસ્નેહી રહે છે, નિર્માની રહે છે, તેમ જ એને ન રહેવું; બીજા નિષ્કામી રહેતા હોય તેથી એને વિશેષે નિષ્કામી રહેવું અને બીજા નિર્લોભી રહેતા હોય તેથી એને વિશેષે નિર્લોભી રહેવું અને બીજા નિઃસ્વાદી રહેતા હોય તેથી એને વિશેષે નિઃસ્વાદી રહેવું અને બીજા નિઃસ્નેહી રહેતા હોય તેથી એને વિશેષે નિઃસ્નેહી રહેવું અને બીજા નિર્માની રહેતા હોય

તેથી એને વિશેષે નિર્માની રહેવું અને બીજા સૂઈ રહે તે કેડે ઘડી મોડું એને સૂવું અને બીજા માળા ફેરવે તેથી એ વિશેષે માળા ફેરવે અને બીજા ઊઠે તેથી ઘડી વહેલો ઊઠે; એમ સર્વથી વિશેષે પાળે તો એની બુદ્ધિ શાપિત ટળે, નહીં તો ટળે નહીં."[૧૪૩]

જેમ ભૂંડાને યોગે કરીને જીવની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે તેમ જ પરમેશ્વર અથવા પરમેશ્વરના સંત તેને યોગે કરીને જીવની બુદ્ધિ સારી થાય છે. અને જીવની બુદ્ધિ ભ્રષ્ટ હોય તો પણ ભગવાન અને સંતના શબ્દને સાંભળવે કરીને ઉત્તમ થાય છે; તેમ જ એમને સ્પર્શે કરીને મતિ ઉત્તમ થાય છે..... મોટા સંતના ચરણરજના સ્પર્શથી, તેમની પ્રસાદી ગ્રહણ કરવાથી કે તેમના પ્રાસાદિક ચંદન-પુષ્પના સુગંધથી પણ બુદ્ધિ નિર્મળ થાય છે.[૧૪૪]

આત્યંતિક કલ્યાણ માટે મુમુક્ષુએ ભગવાન તથા તેમના અખંડ ધારક સંતમાં નિર્દોષબુદ્ધિ તથા દિવ્યભાવ રાખવો આવશ્યક છે. જો અતિ શુદ્ધભાવથી ભગવાન અને સંતને પ્રસન્ન કરે તો ભગવાનની ઇચ્છાથી તથા ભગવાન કે એકાંતિક સંતના વરદાનથી જીવની બુદ્ધિ રૂડી થાય છે.[૧૪૫]

અતિ રૂડા દેશકાળાદિક હોય પરંતુ ભગવાન કે સંતના દ્રોહથી મલિન બુદ્ધિ થઈ હોય, વળી પ્રથમ સંતને વિષે અલૌકિક મતિ હોય ને પછી તે સંતમાં અલ્પ દોષ જોઈ પોતાની કુબુદ્ધિથી વધુ દોષ પરઠે તો તેની અસદ્વાસના વૃદ્ધિ પામે છે અને સંત પ્રત્યે ન્યૂન ભાવ થઈ જાય તો વિચારીને અસદ્ભાવના ટાળે તો પ્રથમ હતો તેવો શુદ્ધ થાય. જો અસદ્વાસનાને ટાળવા પ્રયત્નશીલ ન બને તો તે જીવ વિમુખ થઈ જાય છે. જો મોટાપુરુષની સેવામાં સાવધાન થઈને રહે તો એના સર્વે પાપ બળીને ભસ્મ થઈ જાય છે.[૧૪૬]

ભગવાન અને સંત તેને કૃપાદષ્ટિએ જુએ તો તેના વિકારમાત્ર ટળી જાય છે.[૧૪૭]

જેને ભગવાનનો નિશ્ચય અચળ હોય તો કોઈ દિવસ ભગવાનને વિષે

૧૪૩. વચનામૃત કારિયાણી પ્રકરણ ૨.

૧૪૪. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮.

૧૪૫. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૨૯.

૧૪૬. વચનામૃત ગઢડા પ્રથમ ૫૫; ૭૮.

૧૪૭. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૭.

દોષબુદ્ધિ ન આવે. વળી ભગવાનનો મહિમા સમજી તેમના સંબંધવાળા ભક્તનો મહિમા સમજે તો ભક્તમાં પણ અવગુણ-દોષબુદ્ધિ ન આવે.[૧૪૮]

જો મોટાપુરુષનો અવગુણ આવે તો એમ સમજે કે, 'મોટાપુરુષ જે જે સ્વભાવ રાખે છે તે તો જીવના કલ્યાણને અર્થે રાખે છે અને મોટાપુરુષ તો નિર્દોષ છે, અને મને દોષ જણાયો છે તે તો મારી કુમતિથી જણાયો છે.' એમ વિચારીને સત્પુરુષનો ગુણ ગ્રહણ કરી પોતાના અપરાધને ક્ષમા કરાવે તો જીવની બુદ્ધિ દોષરહિત થાય.[૧૪૯]

"એક ક્રોધ, બીજું માન, ત્રીજી ઈર્ષ્યા, ચોથું કપટ એ ચાર વાનાં પરમેશ્વર સાથે તથા સંત સાથે રાખે નહીં, તો કોઈ દિવસ એની આસુરી બુદ્ધિ થાય નહીં."[૧૫૦]

"...પંચ ઇન્દ્રિયો દ્વારે જીવ જે આહાર કરે છે તે આહાર જો શુદ્ધ કરશે તો અંતઃકરણ શુદ્ધ થાશે, અને અંતઃકરણ શુદ્ધ થાશે તો અખંડ ભગવાનની સ્મૃતિ રહેશે. અને જો પંચ ઇન્દ્રિયોના આહારમાંથી એક ઇન્દ્રિયનો આહાર મલિન થાય છે તો અંતઃકરણ પણ મલિન થઈ જાય છે."[૧૫૧] માટે જે ભગવાનનો ભક્ત હોય તે માયિક પદાર્થને વિષે દોષબુદ્ધિ રાખીને વૈરાગ્ય પામે અને ભગવાનને સર્વ સુખમય જાણીને ભગવાનમાં વૃત્તિ રાખે.[૧૫૨]

"દેશ, કાળ, ક્રિયા, સંગ, મંત્ર, દેવતાનું ધ્યાન, દીક્ષા અને શાસ્ત્ર એ આઠ સારાં હોય તો પુરુષની બુદ્ધિ નિર્મળ થાય છે."[૧૫૩]

ભગવાનની આજ્ઞાનું ઉલ્લંઘન કરવાથી જીવની બુદ્ધિમાં તમોગુણ વ્યાપી જાય છે. તમોગુણની નિવૃત્તિ માટે ત્યાગી-ગૃહીઓએ પોતપોતાના ધર્મમાં રહી, પ્રસન્ન મને ભગવાનની આજ્ઞા પાળવી.[૧૫૪]

જો એવી દ્રોહબુદ્ધિ કોઈ સંત અથવા ભક્ત સાથે થઈ જાય તો જેનો દ્રોહ થયો હોય તેની પાસે નિષ્કપટ થઈને દ્રોહના સંકલ્પની નિવૃત્તિ માટે

---

૧૪૮. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮.

૧૪૯. વચનામૃત સારંગપુર પ્રકરણ ૧૮.

૧૫૦. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૫.

૧૫૧. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૮.

૧૫૨. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૩૪.

૧૫૩. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૭; ૭૮.

૧૫૪. વચનામૃત લોયા પ્રકરણ ૪.

ભગવાનની પ્રાર્થના કરવી.[૧૫૫]

"ભગવાનના નિશ્ચયરૂપ જે મતિ તેને તો ફરવા જ દેવી નહીં, ભગવાનનું માહાત્મ્ય સાંભળીને તેની પુષ્ટિ વારંવાર કર્યા કરવી તો રૂડું થાય; ને એ ...મતિમાં જે નિશ્ચય કર્યો હોય જે, 'મારે આમ કરવું છે,' તે મતિને સંતને વચને કરીને વારંવાર ફેરવવી ને સંત કહે જે, 'અહીં બેસવું નહીં ને આ કરવું નહીં, તો તે ઠેકાણે બેસવું નહીં ને તે કરવું નહીં.' એવી રીતે મતિને ફેરવે તો રૂડું થાય ને એ મતિને ફેરવે નહીં ને પોતાનું ધાર્યું કરે તો ભૂંડું થાય." ભગવાનના મહિમાથી ભૂંડા ઘાટમાત્ર ટળી જાય છે. જેની મતિ ભગવાનમાં અચળ હોય અને કદાચ કુસંગના યોગે કદાચિત્ અવળું વર્તાઈ જાય તો પણ તેનું અકલ્યાણ નહીં થાય.[૧૫૬]

"ભગવાનના ભક્તના દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે ને એ જીવને કષ્ટ થાય છે તેવું કોઈ પાપે કરીને નથી થતું; અને ભગવાનના ભક્તની મને, વચને, દેહે કરીને જે સેવા બની આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને નથી થતું... માટે જેને આ દેહે કરીને પરમ સુખિયા થવું હોય ને દેહ મૂક્યા કેડે પણ પરમ સુખિયા થવું હોય, તેને ભગવાનના ભક્તનો મને, વચને, દેહે કરીને દ્રોહ ન કરવો. અને જો ભગવાનના ભક્તનો કાંઈક દ્રોહ થઈ જાય તો તેની વચને કરીને પ્રાર્થના કરવી, ને મને કરીને ને દેહે કરીને તેને દંડવત્ પ્રણામ કરવા, ને ફરીને દ્રોહ ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો. પણ એક વાર દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કર્યા ને વળી ફરી દ્રોહ કરીને દંડવત્ પ્રણામ કરવા, એવી રીતે વર્તવું નહીં. અને આ વાર્તા દાડી સાંભરતી રહે તે સારુ આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્તમાત્ર એવો નિયમ રાખજ્યો જે, ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમ જે દંડવત્ પ્રણામ હોય તે કરવા ને તે પછી બધા દિવસમાં જે કાંઈ જાણે-અજાણે મને, વચને, દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ એક દંડવત્ પ્રણામ નિત્યે કરવો. એમ અમારી આજ્ઞા છે તેને સર્વે પાળજ્યો."[૧૫૭]

---

૧૫૫. વચનામૃત અમદાવાદ પ્રકરણ ૮.

૧૫૬. વચનામૃત લોયા પ્રકરણ ૬.

૧૫૭. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૪૦.

બુદ્ધિની મર્યાદા

એવું કહેવાય છે કે બુદ્ધિની શક્તિમર્યાદા જ્યાં પૂર્ણ થાય છે, ત્યાંથી આધ્યાત્મિકતાની શરૂઆત થાય છે. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એમનાં સ્વરૂપને યથાર્થ ઓળખવા માટે બુદ્ધિનું ગજું નથી. ગઢડા પ્રથમ પ્રકરણના ૫૧મા વચનામૃતમાં પૂર્ણાનંદ સ્વામી આ વિષે પ્રશ્ન પૂછે છે કે માયિક બુદ્ધિ વડે અમાયિક પરમાત્માનો કેમ નિશ્ચય થાય? તેના ઉત્તરમાં શ્રીહરિ કહે છે કે એ જીવ જ્યારે સંતનો સમાગમ કરે છે ને ભગવાનનો મહિમા સમજે છે, તેનાથી નિશ્ચય થાય છે. કારણ કે સમાગમે કરીને ઇન્દ્રિયો-અંતઃકરણ બદલાઈ જાય છે.

આવી જ વાત શ્રીહરિએ વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૩માં કરી છે. તેઓ કહે છે:

"...ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહીં. અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી."[૧૫૮]

એટલે જ પ્રમુખસ્વામી મહારાજ કહે છે: સાચા સંત ઓળખવા માટે બુદ્ધિનો ઉપયોગ કરવો. ઓળખાયા પછી બુદ્ધિને તાળું મારવું. સંત કહે તેમાં સંશય ન કરવો. સંશયાત્મા વિનશ્યતિ।

આમ, આધ્યાત્મિક માર્ગે બુદ્ધિનો તર્ક પાયા વિનાની ઇમારત જેવો છે.

---

૧૫૮. વચનામૃત ગઢડા મધ્ય પ્રકરણ ૧૩.

બુદ્ધિનું પ્રમાણ

વર્તમાનકાળે પણ શોધપત્રો, લેખો કે કૃતિઓના આધારે સંશોધકો, વૈજ્ઞાનિકો, ઈજનેરો, ઈતિહાસકારો કે લેખકોનું ચાતુર્ય અને બુદ્ધિમત્તાનું પ્રમાણ થાય છે. આધ્યાત્મિક માર્ગે પણ વ્યક્તિના સહવાસથી કે વિષમ દેશકાળ આવે અથવા પ્રશ્ન-ઉત્તરથી જેવી જેની બુદ્ધિ હોય તે જાણ્યામાં આવે.[૧૫૯] ભગવાન સ્વામિનારાયણ આ અંગે પોતાનો વિચાર રજૂ કરે છે:

"જેમ કોઈકનો કાગળ પરદેશથી આવ્યો હોય, તેને વાંચીને તે કાગળના લખનારાની જેવી બુદ્ધિ હોય તેવી જણાઈ આવે છે. તથા જેમ પાંચ પાંડવ, દ્રૌપદી, કુંતાજી તથા રુક્મિણી, સત્યભામા, જાંબવતી આદિક ભગવાનની પટરાણીઓ તથા સાંબ જે ભગવાનનો પુત્ર ઈત્યાદિ ભક્તનાં રૂપ તથા વચન તે શાસ્ત્રમાં લખ્યાં છે; તે શાસ્ત્રને શ્રવણે કરીને તેમનાં રૂપનું પ્રમાણ તે દર્શન જેવું જ થાય છે તથા તેમનાં વચને કરીને તેમની બુદ્ધિનું પ્રમાણ થાય છે."[૧૬૦]

ભગવાનનું માહાત્મ્ય, અભિપ્રાય, રુચિ વગેરે સંપ્રદાયના ગ્રંથોને પૂર્વાપર વિચારીને જુએ તો બુદ્ધિવાન હોય તેને સમજ્યામાં આવે.[૧૬૧]

અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે: "અમારો અભિપ્રાય તો મોટા મોટા સદ્‌ગુરુ પણ જાણી શક્યા નથી, તો આજ તમે શું જાણશો? ત્યારે પૂછ્યું જે, બહુ મોટા હોય તેનો અભિપ્રાય નાનો હોય તે જાણે કે ન જાણે? ત્યારે સ્વામી બોલ્યા જે, 'શું ધૂડ્ય જાણે? અને જે પતંગિયો હોય તે સૂર્યનો અભિપ્રાય જાણે છે? નથી જાણતો; તેમ મોટાનો અભિપ્રાય તો જણાય જ નહીં, એ સિદ્ધાંત વાત છે."[૧૬૨]

આ જોતાં એટલું સ્પષ્ટ થાય છે કે ભગવાન અને સંતનો અભિપ્રાય તેમની કૃપા વિના સમજાતો નથી. અને તેમની કૃપા બુદ્ધિનું શરણું છોડી તેમનું શરણ લેવાથી થાય છે.

---

૧૫૯. વચનામૃત લોયા પ્રકરણ ૧૬. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૬૫.

૧૬૦. વચનામૃત પંચાળા પ્રકરણ ૧.

૧૬૧. વચનામૃત લોયા પ્રકરણ ૧૪.

૧૬૨. સ્વામીની વાતો ૩/૩૭.

ઉપસંહાર

કઠોપનિષદમાં યમરાજ નચિકેતાને બ્રહ્મવિદ્યાના નિરૂપણ પ્રસંગે શરીર, આત્મા, બુદ્ધિ, મન અને ઈન્દ્રિયોને રથના રૂપકથી બ્રહ્મજ્ઞાનનું રહસ્ય સમજાવે છે :

આત્માનં રથિનં વિદ્ધિ શરીરં રથમેવ તુ ।
બુદ્ધિં તુ સારથિં વિદ્ધિ મનઃ પ્રગ્રહમેવ ચ ॥
ઈન્દ્રિયાણિ હયાનાહુર્વિષયાઁસ્તેષુ ગોચરાન્ ।
આત્મેન્દ્રિયમનોયુક્તં ભોક્તેત્યાહુર્મનીષિણઃ ॥[૧૬૩]

શરીરરૂપી રથમાં સવાર થનાર આત્માને તેના ગન્તવ્ય સ્થાન પર પહોંચાડવા સારથિ રૂપી બુદ્ધિ મુખ્ય ભૂમિકા ભજવે છે, કારણ કે બુદ્ધિ જ ઈન્દ્રિયો રૂપી ઘોડાઓને મનની લગામથી વશ કરી આત્માને ઊર્ધ્વગામી કે અધોગામી બનાવી શકે છે.

પરિશોધિત બુદ્ધિ જ મનુષ્ય જીવનને સાર્થક બનાવી શકે - આત્માને પરમાત્માનું મિલન કરાવી શકે. પરંતુ બુદ્ધિથી જકડાયેલો આત્મા વિવિધ પ્રકારના તર્ક લડાવી સંયમથી અળગો થઈ જાય છે. *'અન્તે યા મતિઃ સા ગતિઃ ।'* - 'જેવી અંતકાળે મતિ હોય તેવી તેની ગતિ થાય.' જેવી અનેક શ્રુતિઓનો આધાર લઈ 'જીવનની અંતિમ ક્ષણે જન્મારો સુધારી લેવાશે' એવી હૈયા ધારણમાં રાચતો જીવ વિનાશ નોતરી દે છે. જેમ વર્ષ દરમ્યાન અભ્યાસથી વિમુખ થઈ, સમયને બરબાદ કરી, પરીક્ષા-ટાણે સારાં ગુણે સફળ થવાની

૧૬૩. કઠોપનિષદ્ : ૧/૩/૩.

આશા વિદ્યાર્થી માટે ઠગારી નિવડે છે, તેમ સમગ્ર જીવન દરમ્યાન પંચવિષયમાં રાચતો જીવ અંતકાળે પરમાત્માનું સ્મરણ કરે તે શક્ય જ નથી. તેથી જ સામાન્યપણે થતાં આ શ્રુતિના અર્થનું ભગવાન સ્વામિનારાયણે વિશેષપણે અર્થઘટન કર્યું છે, 'જેવી હમણાં મતિ છે તેવી અંતકાળે ગતિ થાય છે.'

વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૭૭માં જણાવ્યા મુજબ મૃત્યુ સમે યુગધર્મ અગત્યનો ભાગ ભજવે છે. પુરુષના હૃદયમાં માયા-પ્રેરિત ચાર યુગના ધર્મો વારાફરતી પ્રવર્તતા હોય છે. સત્યયુગના ધર્મમાં મૃત્યુ શોભી ઊઠે. ત્રેતા અને દ્વાપરનો ધર્મ આવે તો થોડું શોભે પરંતુ કળિયુગના ધર્મ પ્રસંગે મૃત્યુ આવે તો અતિશય ભૂંડુ દેખાય. આ ઉપરાંત મૃત્યુ સમે યોગ્ય-અયોગ્ય કાળના પ્રાધાન્યથી કે જાગ્રતાદિ દેહની ત્રણ અવસ્થાથી પણ સારું-નરસું દેખાય છે. જાગ્રત અવસ્થામાં પાપીનું મૃત્યુ પણ શોભી ઊઠે. તે બોલતાં-ચાલતાં દેહ મૂકે, સ્વપ્ન અવસ્થા હોય તો ઝંખ્યા જેવું કાંઈક બોલતો થકો દેહ મૂકે, જ્યારે સુષુપ્તિમાં પાપી કે પુણ્યશાળી બન્ને ઘેનમાં જ દેહ છોડી દે. એટલે યુગધર્મ, કાળ કે અવસ્થાના પ્રભાવથી કદાચ વિમુખ જીવનું મૃત્યુ શોભી ઊઠે પરંતુ તેનાથી તેનું કલ્યાણ થતું નથી તે તો નરકનો અધિકારી જ બને. જેને સાક્ષાત્ ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેને અંતકાળે સ્મૃતિ રહે અથવા ન રહે, આકસ્મિક કે ઘેનમાં મૃત્યુ થાય તો પણ તેનું અકલ્યાણ થાય નહીં, તેની તો ભગવાન રક્ષા કરે.'[૧૬૪] માટે જે બુદ્ધિમાન છે તેણે તો તત્કાળ મોક્ષ માટે યત્નશીલ થવું જોઈએ.

જેની બુદ્ધિમાં આસ્તિક ભાવ અને ધર્માંશ વિશેષપણે હોય તે નિયમ-ધર્મના ભંગથી ડરીને ચાલે તે હંમેશા પરલોકમાં સારું ફળ ભોગવે છે.[૧૬૫] અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું છે : ''એક જણે લાખ રૂપિયાની બુદ્ધિ લીધી, તેમ જ મોક્ષની બુદ્ધિ પણ અનેક પ્રકારની (છે તે) મોટા થકી શિખાય છે.''[૧૬૬]

''...મહારાજ વિરાજતા ત્યારે પણ જેણે સમાગમ કર્યો નથી ને આજ પણ જે મોટા સંતનો સમાગમ નથી કરતા, તેને શું વધુ બુદ્ધિવાળા સમજવા ?

૧૬૪. વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૧૪.

૧૬૫. વચનામૃત ગઢડા અંત્ય પ્રકરણ ૨૬.

૧૬૬. સ્વામીની વાતો ૧/૨૭.

માટે બુદ્ધિ તો એટલી જ જે, મોટા સાધુથી શીખે ને મોક્ષના કામમાં આવે, બાકી બુદ્ધિ નહીં…''[૧૬૭]


અગત્રાઈના પર્વતભાઈ સામાન્ય ખેડૂત, પણ ભગવાનની મૂર્તિ ત્રણે અવસ્થામાં જોતા. એક વખત અકસ્માતથી લાકડાં કાપતા તેમનો કુહાડો છટક્યો અને તેમના જોડાની અણીનો એક આંગળ જેટલો ભાગ કપાઈ ગયો! પગના આંગળા બચી ગયા! પર્વતભાઈ તરત જમીન પર બેસી ગયા. તેમણે વિચાર કર્યો: 'ભગવાનની દયાથી જ મારો દેહ બચી ગયો. જો મારા પગના આંગળા કપાઈ ગયા હોત તો છ મહિનાનો ખાટલો થાત. દવાનો ખર્ચ તો વળી જુદો! ભગવાને મારી રક્ષા કરી માટે લાવ, છ મહિના ગઢડે જઈ ભગવાનના દર્શન-સમાગમનો લાભ લઈ એટલું ધન ભગવાન કાજે વાપરું.' એમ વિચારી જરૂરી સામાનનું નાનું પોટલું બાંધી ગઢડાની વાટ પકડી! આ છે મોક્ષની બુદ્ધિ.

બુદ્ધિશાળી હોય તે તો આત્મકલ્યાણના જતન માટે તકની જ રાહ જોતો હોય.

માટે ભગવાનના એકાંતિક સંત દ્વારા પંચવિષયના સુખની અસારતા સમજી, ભગવાનના અગાધ સુખ સામી દૃષ્ટિ રાખનાર જ બુદ્ધિશાળી છે. તે જ જીવનનો સાર છે. ગીતાનો અંતિમ શ્લોક પણ એ જ સૂર પુરાવે છે: 'જ્યાં ભગવાન અને ભગવાનના ભક્ત છે, ત્યાં જ શ્રી, વિજય, વિભૂતિ અને અચળ નીતિ છે.' આવી નિશ્ચયાત્મક મતિ જ જીવનનો સાર છે.

---

૧૬૭. સ્વામીની વાતો ૨/૨૩.




બ્રહ્મસ્વરૂપ
પ્રમુખસ્વામી મહારાજ

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

(૧૯૨૧-૨૦૧૬)

પ્રમુખસ્વામી મહારાજ એટલે 'બીજાના ભલામાં આપણું જ ભલું છે...!' જીવનસૂત્ર સાથે લાખો લોકોને હૂંફ આપનાર એક વિરલ સંતવિભૂતિ. ભગવાન સ્વામિનારાયણની ગુણાતીત ગુરુપરંપરાના પાંચમા ગુરુદેવ આ વિશ્વવંદનીય સંતે નિર્વ્યાજ વાત્સલ્યવર્ષામાં બાળકો, યુવાનો, વૃદ્ધો, ભણેલા કે અભણ, દેશ કે વિદેશના સૌ કોઈને ધન્ય કર્યા હતા. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેકવિધ આંતરરાષ્ટ્રીય પ્રવૃત્તિના સૂત્રધાર સ્વામીશ્રીએ, કઠિન પુરુષાર્થથી એક વિરાટ ચારિત્ર્યવાન સમાજ ખડો કર્યો છે. ૧૭,૦૦૦થી વધુ ગામોમાં વિચરણ; ૨,૫૦,૦૦૦થીય વધુ ઘરોની મુલાકાત; ૭,૦૦,૦૦૦થીય વધુ પત્રોનું લેખન; કરોડોની વ્યક્તિગત મુલાકાત વગેરે દ્વારા આ મહાન સંતે અસંખ્યનો જીવન-ઉત્કર્ષ કર્યો છે. અક્ષરધામ જેવા જગવિખ્યાત સંસ્કૃતિધામ ઉપરાંત, જગતભરમાં ૧,૧૦૦થીય વધુ મંદિરોનું સર્જન કરીને તેમણે સંસ્કૃતિનાં ચિરંતન સ્મારકો સ્થાપ્યાં છે. ભારત અને વિશ્વના અનેક દેશોમાં અનેક કુદરતી આપત્તિઓમાં તારાજ થયેલા લોકો માટે આ કરુણામૂર્તિ સંતની કરુણા વહી છે. એટલે જ, આંતરરાષ્ટ્રીય ધુરંધરોથી લઈને આદિવાસી સુધીના અસંખ્ય લોકોએ તેમને હૃદયપૂર્વક ચાહ્યા છે. સાધુતાના શિખર સમાન આ મહાન સંતની વિરાટ સિદ્ધિઓનું રહસ્ય એટલે પરમાત્માનો સાક્ષાત્કાર. અસંખ્યોએ તેમના સાંનિધ્યમાં પરબ્રહ્મની દિવ્ય અનુભૂતિ કરી છે, ઉચ્ચ અધ્યાત્મ-શિખર પ્રાપ્ત કર્યું છે.



પ્રગટ બ્રહ્મસ્વરૂપ
મહંત સ્વામી મહારાજ

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ

(જન્મ : તા. ૧૩-૯-'૩૩, જબલપુર, મધ્ય પ્રદેશ)

પ્રેરણામૂર્તિ પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના આધ્યાત્મિક અનુગામી તરીકે બિરાજમાન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ એક વિરલ સંતવિભૂતિ છે. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના પુરોગામી ગુરુદેવ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજે સન ૧૯૬૧માં તીર્થધામ ગઢડા ખાતે એક સાથે ૫૧ સુશિક્ષિત નવયુવાનોને દીક્ષા આપ્યા બાદ નવદીક્ષિતોના મહંત તરીકે તેમને નિયુક્ત કર્યા ત્યારથી તેઓ 'મહંત સ્વામી'ના નામે વિશેષ આદરણીય બન્યા. તપ, વ્રત, સંયમ, ભક્તિ, સાધુતા, વિનમ્રતા, સરળતા ને બુદ્ધિમત્તા વગેરે અનેક સદ્‌ગુણો અને સેવામય જીવનથી તેઓ બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની સતત પ્રસન્નતા પામતા રહ્યા. પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞા અનુસાર બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની અનેક સેવા-પ્રવૃત્તિઓમાં નેતૃત્વ પૂરું પાડીને તેમણે સેવકભાવે અનન્ય સેવાઓ આપી છે. સંસ્થાના વિરાટ આંતરરાષ્ટ્રીય મહોત્સવો, અક્ષરધામ જેવાં મહાન સર્જનો, બાળ-યુવા પ્રવૃત્તિઓ વગેરેમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું છે. તેમનાં ગહન ચિંતનશીલ વ્યાખ્યાનોએ લાખો લોકોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી છે; તેમની ભગવન્મય પ્રતિભા અને સાધુતાએ સંતો, હરિભક્તો અને અસંખ્ય ભાવિકોનાં જીવન પર ઊંડો પ્રભાવ પાથર્યો છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની આજ્ઞાથી બી.એ.પી.એસ. સંસ્થાના છઠ્ઠા ગુરુદેવ તરીકે બિરાજીને તેઓ પ્રમુખસ્વામી મહારાજે વિસ્તારેલાં વિરાટ આધ્યાત્મિક અને સામાજિક કાર્યોના સૂત્રધાર તેમજ લાખો આબાલવૃદ્ધ ભક્તોના ગુરુદેવ બન્યા છે. પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના પગલે પગલે તેઓ, બી.એ.પી.એસ.ના અસંખ્ય ભક્તો-ભાવિકોને ભગવાન શ્રી સ્વામિનારાયણે ચીંધેલા આધ્યાત્મિક માર્ગે વેગ આપી રહ્યા છે.

1819–2019

200

વચનામૃત
દ્વિશતાબ્દી મહોત્સવ

પરબ્રહ્મ પુરુષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણે આ વસુંધરા પર અવતરીને
એક વિરાટ અને કલ્યાણમય આધ્યાત્મિક આંદોલન આદર્યું હતું.
એ આંદોલનના એક ભાગરૂપે હતાં – એમનાં જ્ઞાનસત્રો.
એમની એ પરાવાણીને પ્રમાણિત રીતે સંગ્રહીને તેમના સમકાલીન વિદ્વાન
અને સમર્થ સંતશિષ્યોએ તેનો સંપાદિત ગ્રંથ તૈયાર કર્યો.
નામ આપ્યું – વચનામૃત, જેને સ્વયં ભગવાને પ્રમાણિત પણ કર્યો.
આ વચનામૃત ગ્રંથ આધ્યાત્મિક ઇતિહાસમાં એક અજોડ શાસ્ત્ર છે.
જેમાં વેદ-વેદાંત-પુરાણ-ઇતિહાસ-સ્મૃતિ ગ્રંથો વગેરે તમામ શાસ્ત્રોનો
અનુભવ અને સાક્ષાત્કારયુક્ત અર્ક ટપકે છે. આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરવા
ઇચ્છતા કોઈપણ મુમુક્ષુ માટે વચનામૃત એક અનિવાર્ય ગ્રંથ છે.
તેમાં સૌ કોઈને સમજાય તેવું સરળ, અદ્‌ભુત, અનુભવપૂર્ણ માર્ગદર્શન છે.
આધ્યાત્મિક માર્ગે મુમુક્ષુને ઉદ્‌ભવતા પ્રશ્ન માત્રનું સર્વોત્તમ સમાધાન છે.
પ્રેરણામૂર્તિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદ સાથે
વચનામૃત દ્વિશતાબ્દી પર્વે વિવિધ દૃષ્ટિકોણથી વચનામૃતનું આચમન કરાવતી
આ પુસ્તિકા-શ્રેણીને માણીએ અને વચનામૃતને હૈયે ઉતારીએ...

स्वामिनारायण
BAPS

Vachanamrutma Buddhitattva... USD 0.50
1 5 9 2 1
B G 3 6 6
ISBN: 978-81-7526-957-6